શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

ઑક્ટોબર - ૨૦૦૮'

છુટક નકલ રૂા. ૧/-

ઉત્સવો આપણને ગમે છે કારણ કે તે આપણને રોજિંદા જીવનમાંથી અલ્પકાલિન મુક્તિ આપે છે. ધંધા-રોજગાર અને શુષ્ક જીવનવ્યવહારના બોજા નીચે દબાયેલો માનવ ઉત્સવના દિવસે થોડો મુક્ત શ્વાસ લઈ અહેસાસ અનુભવે છે. ઉત્સવોની પાછળ ભાવનું મહત્વ છે. ભાવશૂન્ય અંતઃકરણથી કરેલી ઉત્સવોની ઊજવણી યંત્રવત્ બને છે અને માનવના જીવનમાં જડત્વ નિર્માણ કરે છે. ગતાનુગતિક પરંપરાથી સમજયા વગર ઊજવાતા ઉત્સવોથી કંઈ અર્થ સરતો નથી. પરિણામે સમય, શક્તિ કે સંપત્તિનો બગાડ જ ઉત્સવ નિમિત્તે થતો દેખાય છે. ભાવપૂર્ણ અંતઃકરણથી અને સારગ્રાહી બુદ્ધિથી જો ઉત્સવો ઊજવવામાં આવે તો તે જીવનમાં આનંદ નિર્માણ કરે તેમજ જીવનની નિરાશાને ખંખેરી નાખી નવી આશાનો સંચાર કરે.

## આસો મહિનો એટલે મા જગદંબા તેમજ દિવાળીનો ઉત્સવ



નવરાત્રિના દિવસો એટલે શક્તિની ઉપાસના કરવાના દિવસો. 'મા' ની પૂજાના દિવસો, 'ખાઓ, પીઓ અને મજા કરો' એવી આસુરી વિચારશ્રેણી પર વિજય મેળવવાના દિવસો. ભક્તિની મહત્તા સમજાવતા દિવસો. ભક્તિથી આપણામાં શક્તિ પ્રગટશે એ સૂચવવા જ નવરાત્રિના દિવસો દરમ્યાન ગરબા કે રાસરૂપે માની આસપાસ ઘૂમવાનું હોય છે. અને તેમના આશિર્વાદ લેવાના હોય છે.



દિવાળી એટલે આનંદ, ઉલ્લાસ, પ્રસન્નતા, પ્રકાશનો ઉત્સવ. દીપોત્સવી એ કેવળ એક ઉત્સવ નથી, પરંતુ ઉત્સવોનું સ્નેહ સંમેલન છે. ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી; બેસતું વર્ષ અને ભાઈ-બીજ આ પાંચ ઉત્સવો પાચં વિભિન્ન સાંસ્કૃતિક વિચારધારાઓ લઈને આવે છે. આ વિચારધારાને આપણા જીવનમાં હકારાત્મકરૂપે અપનાવી નવા વર્ષની શુભ શરૂઆત કરીએ. **જ્યોતિપુંજ દ્વારા સર્વ જ્ઞાતિ બંધુઓને દીવાળીની શુભકામના તેમજ નવા વર્ષના સાલ મુબારક.**

2 nd Cover Page

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આયોજીત

## શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત

## ૫૭મો વાર્ષિક રસોત્સવ

**તા. ૧૬-૧૧-૨૦૦૮ રવિવારે સવારે ૯.૦૦ કલાકે**

**સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ**

***મુખ્ય મહેમાન***

## શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા)

## નવુ નાટક

વહેલો તે પહેલો ધોરણે વ્યક્તિ દીઠ ફક્ત બે ટીકીટો આપવામાં આવશે.
તા. ૯-૧૧-૨૦૦૮ રવિવારે સવારે ૮.૩૦ વાગ્યાથી ટીકીટ નીચેના સ્થળેથી મળશે.

૧) શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) સભાગૃહ
પ્રગતી સમાજની ઓફીસથી (બાબુગેનુ રોડ)
૨) બાંદ્રા થી ગોરેગાવ - શ્રી કલ્પેશ કીર્તનલાલ ધારીઆ (અણીયાદવાલા)
૩) મલાડ થી કાંદીવલી - શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ (ખીસાદાર)
૪) બોરીવલી થી વિરાર - શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)

| પ્રમુખ | મંત્રી | સંયોજક |
|---|---|---|
| શ્રી પ્રદીપ કડકીઆ | શ્રી મંજુલ ધારીઆ | શ્રી સૌમીલ મોદી |

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૭ | ૧૪-૧૦-૨૦૦૮ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી
અમીત વ. પારેખ

**પત્રવ્યવહારનું સરનામું**
**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ૃ ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**
૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ
ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.
ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧
(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬
**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# એક માંગણી

**તંત્રી સ્થાનેથી**

*લગ્નસરાની મોસમ આવી ગઈ. પ્રભુતામાં પગલાં પાડવા આતુર હૈયાઓની આતુરતાના અંત સમા દિવસો આવી ગયા. જીવનનું સૌથી મોટું સસ્પેન્સ કદાચ વિવાહ જ હશે! જે વ્યક્તિને વીસ વર્ષ સુધી ઓળખતા પણ ન હોઈએ, એની સાથે સૌથી વધુ નિકટ રહીને જીંદગીના બાકીના ચાલીસ કે એથી વધુ વર્ષો ગાળવાના.*

*સ્ત્રી માટે તો કદાચ એથી પણ દુષ્કર કાર્ય, પોતાના સ્વજનોને અને બાળપણના સંભારણાને છોડીને પોતાના પતિના સ્વજનોને અપનાવવાના. પુરૂષ કદાચ આવો વિચાર પણ ન કરી શકે. પણ ઈશ્વરે સ્ત્રીને જ આ વિશેષ અને વિલક્ષણ શક્તિ આપેલી છે. આપણા રસ અને અલંકાર શાસ્ત્રોએ એના અભ્યાંતરને ઓળખવાની દ્રષ્ટિ છીનવી લીધી છે. સહનશીલતા, સેવાભાવ અને પૂજ્ય ભાવથી એ પારકાંને પોતીકા કરી લે છે. અને સહનશીલતામાં પુરુષ સ્ત્રીનો સમાવડીયો ક્યારેય થઈ નહી શકે. કહેવાય છે કે ભગવાન જેની જેટલું દુ:ખ સહન કરવાની ક્ષમતા હોય એટલું દુ:ખ આપે છે. કદાચ એટલે જ સ્ત્રીને સૌથી દુ:ખ પડતું હશે. આમ તો સંસાર ચલાવવાની જવાબદારી પુરુષની ગણાય છે, પણ એ તો ફક્ત આર્થિક જવાબદારી નિભાવે છે. સંસારને સુખી બનાવવાની જવાબદારી સ્ત્રી ઉપર જ હોય છે. એ સાચી સહચરી બનીને પતિને હિંમત, ઉત્તેજન અને સહાય આપે છે. જીવનના દ્વંદો સામે ઝીંક ઝીલવાની તાકાત આપે છે. પતિની સફળતામાં અને હર્ષમાં ભાગ લે છે અને દુ:ખમાં પણ ભાગીદાર બને છે. પ્રેમાળુ વર્તનથી એના આત્મામાં પ્રેરણાનું અને ચેતનાનું સીંચન કરે છે.*

જ્યારે કુટુંબ પર મોટી મુશ્કેલી આવે ત્યારે તો તે ગજબની હિંમત દાખવે છે. પુરુષની ગેરહાજરી (મૃત્યુ) વખતે કે જ્યારે ઘરનો પુરુષવર્ગ આર્થિક રીતે ભાંગી પડે, ત્યારે પોતાની આત્મસુઝ અને હિંમત દ્વારા આ મુશ્કેલીઓ પાર પાડે છે. ત્યારેજ અબળા નારીના સ્ત્રીત્વનો પરચો આપણને મળે છે.

પંરતુ પુરુષની અહંકાર વૃત્તિ હજુ પણ સ્ત્રીને સમોવડી માનતા રોકે છે. હજી પણ સમાજમાં સ્ત્રીને આદરભર્યું સ્થાન પ્રાપ્ત થતું નથી. આજના આધુનીક યુગમાં પણ પુરુષ ‘તલાક તલાક તલાક’ કરીને નારીનું અપમાન કરે છે. છુટાછેડા આપે છે. તેના સમર્પણ ભાવને કૃતજ્ઞ ભાવે વંદન કરવાને બદલે એને તુચ્છકારે છે. ત્યારે નારી ખરેખર હારી જાય છે. પોતાના સમર્પણ અને પ્રેમ દ્વારા જે આશાના મિનારાઓનું ચણતર કર્યું હતું, એ મિનારા તુટી પડતાં જોઈને હતાશ થઈ જાય છે. કેટલીક નારી નવું જીવન શરૂ કરે છે. તો કેટલીક બાળકો માટે પોતાનું જીવન અર્પણ કરી દે છે. પણ કેટલીક સ્ત્રી એવી હોય છે, કે જે પોતાની માંગણી કરવાની હિંમત રાખે છે. આ માંગણી તમારી સમક્ષ એક સ્ત્રીના પત્ર દ્વારા રજુ કરું છું જેના પતિએ બીજી સ્ત્રી ખાતર પત્નિને ત્યજવાનો નિર્ણય કર્યો છે.

પ્રિય.....,

કાયદો મારા જીવન અમૃતને ઝેર કરે એ પહેલાં હું એનો છેલ્લો ઘૂંટ ભરવા ચાહું છું.

ધર્મ અને સમાજની રૂએ તમે મારા પતિ છો. તમારી સંમતિથી મારો એ હક લુંટાય, એ પહેલાં હું તમારી પાસે એક છેલ્લી માંગણી કરી લઉં છું.

જે અઢળક દૌલત અને ઝવેરાત તમે મારે નામે કરી છે એ હું નથી માંગતી, મારી મિલ્કત સામે એ બધુ નગણ્ય છે. મારે તો મારી સાચી મિલ્કત પાછી જોઈએ છીએ. તે મને આપી દો. મારા આત્માનું સૌંદર્ય અને યૌવન મને પાછું આપી દો. મારા જીવનની અખંડ પવિત્રતા મને પાછી આપો. અને તમારી પાસે હું ભર્યા ભાદર્યા હૈયે આવી હતી ત્યારનું મારું આનંદી-ઉલ્લાસહીત હૃદય , જે કદી નાઉમેદ-નિરૂસ્તાહી નહોતું થયું, તેજ કુંવારું હૈયુ મને પાછું આપો. બસ, આટલીજ મારી માંગ છે. ક્યારેક તમે એને સ્ત્રીત્વ કહ્યું હતું તો એ કૌમાર્ય મને પાછુ સુપ્રત કરી દો, પછી તમારા માર્ગમાંથી બેલાશકને બેધડક હઠી જઈશ.

શું પરુષ આ બધું પાછું આપી શકશે ? કદાપી નહી, માટે જ લગ્નજીવનની અનેક વિષમતાઓ દૂર કરવા, પ્રભુતામાં પગલાં પાડવા જનાર આપણા યુવાન હૈયાઓએ પ્રભુતાની ભાવના બરાબર સમજવી જોઈએ. સાહચર્ય દ્વારા અદ્વૈતની પ્રાપ્તિ માટે પ્રભુએ જ માર્ગ આપ્યો છે. આ માર્ગે ચાલીને મંઝિલે પહોંચવાનું છે.

સૌ યુવાન હૈયાઓને જીવન સાફલ્યની શુભેચ્છા.

***(૧૯૮૯ના અંકમાંથી)***

***- નિખિલ પરીખ***

# આવનાર નૂતન વર્ષને વધાવીએ... હૈયા માં ઊંડા ઉતરીએ...

*- પંકજ કે. શાહ*

'એક શાયરે બહુ સુંદર વાત કરી છે. દિવસ ગયો વીતી, હવે એની નકામી યાદો શીદને? જે હજુ આવી જ નથી, એ આવતી કાલની ફરીયાદ શીદને? આમ ન એળે જવા દે ખાસ ઘડીઓ આજની...સાર છોડી, અસારે થાય છે બરબાદ શીદને?'

આસો માસના અમાસની રાત્રિ પુર્ણ થતાં જ કાળચક્રમાં એક વર્ષ વિલીન થઈ જશે. અહીં શાયર કહે છે. વિતેલ વર્ષ દરમ્યાન આપણા જીવનમાં બનેલી કડવી ઘટનાઓ તથા નકામી યાદો વાગોળી આંસુ સારવાનો શો અર્થ છે?

કારતક સુદ એકમની શુભ પ્રભાતે નૂતન વર્ષનું શાનદાર આગમન થશે. નવું વર્ષ કેવું રહેશે? આપણા સહુ માટે કેટલી ખુશીઓ લાવશે? કોણ જાણે? શી ખબર? 'ન જાણ્યુ જાનકી નાથે કાલે શું થવાનું છે.' અહીં શાયર આપણાને ચેતવે છે કે આવનાર નૂતન વર્ષના સમય માટે આપણે અંજાન છીએ તો તેના વિશે ફરીયાદ કરવાથી શો લાભ?

આપણા હાથમાં તો માત્ર વર્તમાન છે. જે શુભ ઘડી આપણા હાથમાં છે તેના આપણે માલિક છે. તે ઘડીનો સારામાં સારો ઉપયોગ કરી વધુમાં વધુ સંતોષ મેળવવો એ જ આપણા હાથની વસ્તુ છે. પણ આપણે માનવીઓ ભાગ્યેજ વર્તમાનમાં જીવી શકીએ છીએ. ભૂતકાળ આપણો પીછો છોડતો નથી અને ભવિષ્યકાળ આપણાને ઝંપીને જીવવા દેતો નથી. તેથી શાયર આપણાને શીખવે છે કે જે સમય આપણા હાથમાં છે, તેનો સાર આપણે માણી શકતા નથી અને જીવન અસારતમાં સરકી જાય છે.

આપણા પુષ્ટિમાર્ગમાં બહુજ સુંદર સુત્ર છે. 'આજનો લ્હાવો લીજીએ રે..કાલ કોણે દીઠી છે.' આ કડીને જો આત્મસાત કરી લઈએ તો જીવનમાં અસારતા તરફ ઢળતા જીવનને જરૂર રોકી શકાય.

વર્તમાન યુગમાં માનવીના જીવનમાં પ્રતિકુળ સંજોગો અને વિપરીત પરિસ્થિતિ ક્યારે ઉદ્ભવે તે કળવું મુશ્કેલ છે. કોઈપણ વિકટ અને પડકારભરી પરિસ્થિતિના સામના માટે મનુષ્ય પાસે બે જ વિકલ્પ હોય છે. એકતો ફાઈટ એન્ડ લીવ- સંઘર્ષ આદરો અને જીવી જાવ. અથવા સરન્ડર એન્ડ ડાય- તાબે થઈ જાવ અને મૃત્યુ નોતરી લો.

આજકાલ રોજ સવારે સમાચાર પત્રોમાં જુદા-જુદા સ્થળે અને જુદા-જુદા કારણોસર આપઘાતના દુ:ખદ કિસ્સાઓ વાંચવામાં આવે છે.

'યુનિટ ટેસ્ટ વખતે ચોરી કરતાં પકડાઈ જતાં શરમમાં ગરકાવ થઈ ગયેલ ૧૫ વર્ષીય કિશોરે આપઘાત કરી લીધો.' 'એસ.એસ.સી.માં ફરી નાપાસ થવાને ભયે ૧૬ વર્ષની વિદ્યાર્થીનીએ જીવન ટૂંકાવ્યું'. આવા તો અનેક કિસ્સાઓ લગભગ રોજ વાંચવામાં આવે છે, અને દિન-પ્રતિદિન એમાં વધારો થતો જાય છે.

પ્રત્યેક માનવી ઈચ્છે છે કે પોતે હળવો ફૂલ જેવો બની પોતાનું જીવન માણે. પણ આજકાલ જીવનમાં અસંતોષ, વ્યગ્રતા, બેચેની, હતાશા, નિરાશા, ક્રોધ અને વ્યથા જેવા પરીબળોની અસર વધુ વર્તાઈ રહી છે. જેના કારણે અસારતાએ જીવનમાં કબજો જમાવી લીધો છે.

જો રસોઈમાં દરેક ચીજ પ્રમાણસર હોય તો ભોજનનો આનંદ અનેરો આવે છે. પણ ક્યારેક મીઠું તો ક્યારેક સાકર વધુ ઓછા પડી જાય અથવા ક્યારેક મરચુ યા ખટાશ વધુ ઓછા થઈ જાય તો ભોજનમાં મજા આવતી નથી. જીવનનું પણ એવુ જ છે. જો દરેક વસ્તુ વ્યવસ્થિત ચાલતી હોય તો જીવન માણવાની મજા પડી જાય છે. પરંતુ જીવનમાં ધુપ-છાંવ આવ્યા કરે છે. જીવનપથ ઉપર ક્યારેક સુખ તો ક્યારેક દુ:ખ જીવનસાગરમાં કોઈ દિવસ ભરતી તો કોઈ દિ ઓટ...

આવા સંજોગોમાં મનુષ્યને 'અધ્યાત્મ'નો સથવારો સાંપડી જાય તો માનવી મુશ્કેલીઓની આડી અવડી થપાટો સામે ટક્કર લઈ શકે છે. ધાર્મિક બનવુ, સત્સંગમાં જવુ, ભજન-કિર્તન કરવા, સ્વાધ્યાય કરવો, મંદિરમાં જવુ વિ.વિ. અધ્યાત્મ જરૂર છે. એનાથી ઈશ્વરમાં શ્રધ્ધા હોવાની પ્રતિતી થાય છે. પણ સાચો અધ્યાત્મ આ બધાથી પણ વિશેષ છે.' સ્વયંની પહેચાન કરવી' અને પોતાના હૈયામાં ઊંડા ઉતરવુ તે સાચો અધ્યાત્મ છે. કદાચ કોઈ મનુષ્ય કોઈ સંપ્રદાયને ન અનુસરતો હોય, કદાચ મંત્રો કે શ્લોકો બોલતા ન આવડતુ હોય, કદાચ ધર્મ અંગે ઊંડુ જ્ઞાન ન હોય પણ તે વ્યક્તિ જો સ્વયંમાં ઊંડો ઉતરી શક્તો હોય તો તે આધ્યાત્મીક વ્યક્તિ છે.

એક સર્વ સામાન્ય માન્યતા છે કે અધ્યાત્મ એટલે અમુક ધર્મ, કોઈ પંથ યા સંપ્રદાયના બનીને રહેવુ તે એક એવી પણ માન્યતા છે કે અધ્યાત્મ એટલે ધાર્મિક પુસ્તકોનું વાંચન તથા તેમાંથી શીખવા મળતા મંત્રો, સૂત્રો, શ્લોકો તથા કિર્તનોનું રટણ. પણ ઈતિહાસ એમ કહે છે કે માનવીના જીવનમાં જ્યારે મુસીબતોના પહાડ તૂટી પડે છે ત્યારે પુસ્તક-પંડિત્ય કામમાં નથી આવતું. સગાસબંધીઓ તથા મિત્રોનો સપોર્ટ કામ નથી કરતો. મનોચિકિત્સકોની સલાહોથી ઈલાજ નથી કામ આવતો. ત્યારે કામ લાગે છે. માનવીના બાળપણના દિવસોમાં રોપાયેલા અધ્યાત્મના પાયા. જો માનવીએ બાળપણના સંવેદનશીલ વર્ષો દરમ્યાન અધ્યાત્મ દ્વારા પોતાના હૃદયના ઊંડાણમાં ઝાંખવાની વૃત્તિ કેળવી હોય તો જીવનમાં આવતા પડકારો માનવી આસાનીથી ઝીલી શકે છે.

ધરતીકંપનો સામનો કરવા માટે ઈમારતો બાંધવાના પાયા ચણતી વેળા 'ઈન-બિલ્ટ'ની વ્યવસ્થા કરવામાં આવે છે. જેથી જો ધરતીકંપ સર્જાય તો આવા મકાનોને ટકી રહેવા શક્તિ મળી રહે છે. અધ્યાત્મ એ આપણા જીવનરૂપી ઈમારત માટે 'ઈન-બિલ્ટ'ની ગરજ સારે છે.

શ્રી ઠાકોરજીની કૃપા થાય તો જ જીવ સાચા અધ્યાત્મને પામી શકે. સ્વયંમા ઊંડા ઉતરી આત્મમંથન કરવુ ખૂબ કઠીન કાર્ય છે. નૂતન વર્ષની શુભ પ્રભાતે પ્રભુ પાસેથી જો કંઈક માંગવુ જ હોય તો ધરતીકંપનો સામનો કરી શકતી 'ઈન-બિલ્ટ' વ્યવસ્થા એટલેકે સાચો 'આધ્યાત્મ' માગીએ.

આધ્યાત્મ દ્વારા પ્રભુ આપણને સહુને નીજના હૃદયમાં ઊંડા ઉતરવાની ક્ષમતા આપે જેથી પ્રત્યેક માનવી પોતાના જીવનસંગ્રામમાં આવતી પોતાની મુશ્કેલીઓનો સામનો પોતાની ભીતરની તાકાત વડે કરવા શક્તિમાન બને.

પ્રભુ, સમગ્ર માનવજાતનું કલ્યાણ કરે એજ નૂતન વર્ષની શુભ પ્રભાતે પરમાત્મા પાસે પ્રાથીએ...

# શ્રી કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ

પ્રત્યેક વ્યક્તિનું જીવન જ્યારે અંધકારથી વ્યાપ્ત હોય, બહુજન સમાજમાં કર્તૃત્વમૂઢતા ઊંડી પ્રવેશી હોય, માનવ વિવેક રહિત બન્યો હોય ત્યારે ભક્તોનાં ઉધ્ધાર માટે અને અધર્મનો નાશ કરી ધર્મનું રક્ષણ કરવા માટે ભગવાન અવતાર લે છે.

દરેક અવતારમાં દુષ્ટોનો સંહાર કરી સજ્જનોને સહાય કરે છે. વામન, પરશુરામ, રામચંદ્ર, પરંતુ શ્રી કૃષ્ણાવતારે તો માનવ જાતનાં કલ્યાણનો શાશ્વત માર્ગ બતાવ્યો છે. અનંતકાળ સુધી માનવને સન્માર્ગે અને ઉન્નતિને પંથે દોરી જાય એવો જ્ઞાનોપદેશ આપ્યો છે. શ્રી કૃષ્ણાનું તત્વજ્ઞાન એ માનવજાતને મળેલી અપ્રતિમ ભેટ છે. શ્રીમદ્ ભાગવતગીતા જગતને આપેલો અમૂલ્ય ઉપહાર છે.

શ્રી કૃષ્ણાએ તેમનાં જીવન દ્વારા શીખવ્યું કે બચપન કેવું હોવું જોઈએ. વિદ્યાર્થીજીવન દ્વારા આદર્શ વિદ્યાર્થી બનવાનાં પાઠ શીખવ્યા, ઉત્તમ રીતે ગૃહસ્થાશ્રમ કેમ ચલાવવો અને સમાજમાં કેમ રહેવું એ એમનું જીવન શીખવે છે. જીવનનાં તમામ ક્ષેત્રો માટેનું માર્ગદર્શન તેમનાં જીવનમાંથી મળે છે. તેમનું સમગ્ર જીવન માનવીને માટે શ્રેષ્ઠ જીવન જીવવાના પુરૂષાર્થમાં સહાયરૂપ બને તેવું છે. શ્રી કૃષ્ણે પોતાનાં જીવન દ્વારા વિશ્વના કરોડો લોકોને શિક્ષણ આપ્યું કે સંસારમાં રહેવા છતાં તેમાં લોભાઈ ન જવું અનાસક્ત જીવન જીવવું તેમનાં જીવનમાં જગતની નાની મોટી કઠીનમાં કઠીન તમામ સમસ્યાઓનો ઉકેલ છે. તેથીજ સંકટ સમયે શ્રી કૃષ્ણનું જીવન વાંચવાથી જીવનમાં નવું જોમ આવે છે. અને જીવનમાંથી નિરાશા અને હતાશા ગાયબ થઈ જાય છે.

શ્રી કૃષ્ણે સમાજ માટે, માનવજાત માટે પોતાની કીર્તિનું બલિદાન પણ આપ્યું છે. ગાંધારીનાં મુખેથી પોતાનાં કૂળનાં સત્યાનાશની વાત સાંભળીને પણ તે પ્રસન્ન વદન, શાંત અને સ્વસ્થ જ રહ્યા હતાં. પાંડવોને મુશ્કેલીમાંથી શસ્ત્ર ધારણ કર્યા વિના હંમેશા બુધ્ધિ પૂર્વક માર્ગ શોધી આપ્યો છે. નરકાસૂર જેવા સામાજિક સંકટને દૂર કરી અનાથ યુવતીઓને અપનાવી સમાજપર, નારી જાત પર બહુ મોટો ઉપકાર કર્યો છે. આ તેમનું દિવ્ય અને સામાજિક કાર્ય હતું.

ગૌતમ બુધ્ધે બુધ્ધિ દ્વારા, ઈશુએ સૌજન્યપૂર્ણ રીતે અને મહંમદ પયંગબરે નિર્ણય દ્વારા પોતાનાં ધર્મનો પ્રચાર કર્યો હતો. શ્રી કૃષ્ણમાં બુધ્ધિ, સૌજન્ય અને નિર્ણયનો સુભગ, સુંદર સમન્વય જોવા મળે છે.

શ્રી કૃષ્ણ તેજના પુંજ સમા હતાં. લોકસમૂહમાં વિજળીની માફક ચમકતા રહેવું અને અન્યાય સામે ઝઝૂમવું એ એમનો મુદ્દાલેખ હતો. તેમને કર્તવ્ય કરવાનો સંદેશ માનવજાતને આપ્યો છે. શ્રી કૃષ્ણનું જીવન અને કવન એ આપણું પ્રેરણા સ્ત્રોત છે.

યોગીઓ તેમને યોગેશ્વર માને છે. ભક્તિમાર્ગીઓ તો મુરલીધર શ્રી કૃષ્ણની પાછળ પાગલ છે. તેમનું દિવ્ય જીવન મુમુક્ષુને મુક્તિ, સંશયાત્માને નિશ્ચય, હતાશ થયેલાંઓને ઉત્સાહ, નિરાધારનો આધાર, દુર્જનને શિક્ષા, સજ્જનને માન અને આનંદ આપનાર છે. અંધકારમાં માર્ગદર્શક સ્તંભ છે. તેમનું ચારિત્ર્ય ભવ્ય અને રમણીય છે.

શ્રી કૃષ્ણનાં અલૌકિક અને અનંત ગુણોનું સ્મરણ કરીએ તો આપણું મસ્તક વિનયથી અહોભાવથી, શ્રદ્ધાથી, આદર સહિત નમી પડે છે. તેમનાં પ્રત્યે આબાલવૃદ્ધ સૌને સાચા અંતકરણથી સ્નેહ છે. તેઓ જગત આખાનાં ગુરૂ છે.

કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્

- ***અમીતા ધારીઆ***

# It is the way to be happy and gay

*- Usha s. Dharia*

હેડિંગ ઈંગ્લીશમાં લખ્યું છે જરૂર પણ ગભરાતા નહી લેખ ગુજરાતીમાં લખીશ. મિનિંગ છે કેવી રીતે તમે સુખી અને આનંદીત જીવન જીવી શકશો. અને આ લેખ દ્વારા નમ્ર પ્રયાસ કરીશ. બધાં પોતાની રીતે સારી રીતે સુખી રીતે જ જીવતાં હોય છે. એ હકીકત સત્ય છે છતાં આપણી દરેકની રહેણી કરણી અલગ હોય છે. જેમ કે 'ઘર ઘર કી કહાની'. બાર ગાઉએ બોલી બદલાય અને દેશ એટલા વેશ, એટલી જ બોલી અને આ બધામાં કારણ બને છે. ભૌગોલિક હવામાન અને જે પાકને અનુરૂપ હવામાન હોય ત્યાં તે પાકે છે. અને તે ગામના લોકો એજ પકાવે છે. જુવાર, વધારે પાકે ત્યાં જવારી શી ભાખર પીટલા અને લસુનાચી ચટણી'. એ મહારાષ્ટ્રીયન ખાણુ થયું પણ સૂરતમાં પણ જુવારનો પાક લીલો પ્રચલીત છે ત્યાં પણ જવારનો રોટલોને લહણની ચટણી પ્રચલીત છે. પંજાબમાં છોલે ભટુરે, કુલચા, નાન ઘર ઘરમાં તંદુર હોય અને છોલે ભટુરે યા રાજમા ચાવલ બનતા રહે છે. બાસમતિ ચાવલ પાકે તો બિરયાની અને દૂધ, દહીંના હિસાબે પનીર બહુ પ્રચલીત છે. મારવાડમાં મુંગ, મુંગદાલ વધારે થાય તો ત્યાં મુગદાલની કચોરી, મુંગદાલના વડા, મુંગદાલકી વડી, એટલે મંગોડી કે શાક અને ગટ્ટેકી સબજી કેર સાંગરી વગેરે બનતું હોય છે. એજ રીતે સાઉથમાં ચાવલા, અડદની દાળ કોપરૂ વધારે થાય તો ત્યાં ઈડલી, સાંભાર, ઢોસા ચટણી વગેરે વગેરે બનતું હોય છે. આપણા ગુજરાતમાં બાજરી, મકાઈ વગેરે થાય એનો ઉપયોગ વધારે થાય છે. હવે સવાલ એક જ ઉભો થાય છે કે ગુજરાતીઓને ગામગામની રેસીપીઓને અપનાવી છે. બધી જ કોમ હવે તો ફોરવર્ડ છે જ પરંતુ ગુજરાતી ઓમાં સૌથી મોખરે આવે છે.

પહેલાં લખ્યું તેમ 'ઘર ઘર કી કહાની'ની જેમ દરેક ઘરની ખાવાની બનાવવાની રીતી અલગ જ હોય છે. ચાર બેનો હોય કે ચાર દેરાણી જેઠાણી હોય દરેકની રીતો અલગ હોય છે. રસોઈ બનાવવાની ઈવન મા દીકરીની કે સાસુ વહુની રીતી પણ અલગ અલગ હોય છે. જમાનો બદલાયો ખરબચડો રોટલો વીસરાયો અને એની જગા સુંવાળા બ્રેડે લીધી. સગડી, ચુલા વીસરાયા અને એની જગા સુંવાળી માઈક્રોવેવ અવન આવ્યા. મોટી ઉંમરની મમ્મીઓ તથા સાસુઓ પંજાબી ડ્રેસ પહેરતા થયા અને બેન, બેટીઓ તથા નાની નવેલી દુલ્હનો પેન્ટ શર્ટ બર્મુડામાં આવી ગઈ. આમ વહેતી હવાના વહેણ બદલાયાં જ છે. તો ખાવામાં પણ વેરાયટી આવી જ ગઈ છે. ઈટલી, ઢોસા, પંજાબી તો અપનાવાઈ ગયેલી રેસીપી છે. હવે પીઝા, બર્ગર, ટાકોઝ 'Wrep and Rolls' પર આવી ગયા છે. ફલાફલ, ખાઉસે પ્યાજો, સેઝવાન, પકોડા, ક્રિપ્સી વેજીટેબલ, બ્રેડ પનીર, વોનટોન, બરીટો, ગ્વાસાડીલાઝ, ટોસ્ટાડાઝ, થાઈ રેડકરી, ગ્રીન કરી, નુડલ્સ, સ્પીંગ રોલ, આમ આજના યંગ જનરેશનને રોજ સાંજના કંઈક નવું ચટપટું ખાવા જોઈએ અને વાત પણ એટલી જ સાચી છે, કે ભણવાના ટેન્શન, ક્યાંના ક્યાં દૂર દૂર પરાંમાં કોલેજો કલાસીસમાં દોટો કાઢવાની સાંજ પડે થાકી ઘેર આવે તો ચીલા ચાલુ ભાખરી શાક પછી દૂધીનું દહીંવાળું શાક હોય કે દૂધી ચણાની દાળવાળુ શાક હોય કે સરગવાની શીંગનું શાક હોય કે મગની દાળને સુવાની ભાજીનું કે તાંદળજાની ભાજીનું હોય, બાળકો તો જમાનાની વહેતી હવાના વહેણ સાથે જ ઉડવાના. પરદેશ ને અપનાવો, ત્યાં ભણવા મોકલી શકો અને બાળકોના મનને ન વાંચી શકો? માઓને મન ભાખરી શાક સારો ખોરાક પરંતુ આજના બાળકોને એમાં કેટલું મોણ આવે તેની સામે જ વાંધો હોય છે. શાકના વધારામાં તેલ, ઢોકળા સાથે તેલ, તળેલી, ફ્રાઈડ વાનગીઓ સામે વિરોધ હોય જ છે. એમ આતો

પેઢી ઉતાર ઘર્ષણ થાય. સવારની રસોઈ તો બાળકો, પુરૂષો, બેન બેટીઓ અપનાવે છે, પરંતુ સાંજ એમની પ્રિયકર રેસીપી માટે રીઝર્વ કરે છે. હવે તમને સમજાશે કે આ હેડિંગ અને આ લેખને શો સંબંધ છે ?

સુખી રીતે જીવન જીવવા માટે પહેલું તો મન આનંદિત જોઈએ. નોનવેજ નહી, એગ નહી, પરંતુ નવા જમાનાને અનુસાર તેમને તેમની મનગમતી રેસીપી સાથે મોજ મસ્તી માણવા જ દેવી જોઈએ. બાલાસીનોરમાં ગુજારેલા દિવસો યાદ કરજો. ત્યાં જે સાંજના ખાતા હતા તે મુંબઈ આવ્યા પછી તમે, ભેળ, પાણીપૂરી, ઈટલી ઢોસા તથા પંજાબી તથા મોર્ડન સોફેસ્ટીકેટેડ પરાઠા, નાન, રોટીને અપનાવી લીધી ખરબચડો રોટલો વિસારીને, તો હવે આજના યંગ જનરેશનને નવા જમાનાની તાસીર સાથે મોજ મસ્તી માણવા દો. બીજી એક વાત ખાસ વિચારીશું. ઘેર ઘેર ડાયાબીટીશ હશે જ હશે. વળી એટલું બધું ગળચટું ખાવાનું બનાવાય છે કે ન થતો હોય તો ડાયાબીટીઝ થઈ આવે અને હોય એની તો શી ગતી થાય ? ભીંડાના શાકમાં ભાજીમાં, રાયતાં કાકડીનાં બનાવે તો સાકર, ઢોકળામાંય સાકર, ખાંડવીમાં પણ સાકર અને થેપલામાંય સાકર, દરેક શાકમાં ગોળ તો નાંખવાનો જ ખબર નથી પડતી કે આ સાકર ગોળ વાપરવાની શી જરૂરત ? પરંતુ વિચારો તમારો ડાયાબીટીઝનો વારસો બાળકોને આપવાનો ઈરાદો રાખો છો કે શું ? પહેલાં તો લોકો કપડાં ધોવા, તળાવ જાય, પાણી ભરવા જાય, બીજું પણ કેટલું પાણી ભરે, ઘરના કામ કરે, તો તેઓ આ સુગર કે ગોળને પચાવી શકતાં હતાં તે ઘી ખાંડ પચાવતા હતા. પરંતુ અત્યારે પણ આ ગળચટા ટેસ્ટને વીસારવાની આવશ્યકતા છે. વીચારજો બાળકોને તમારા ડાયાબીટીઝનો વારસો આપશો કે પ્રફુલિત મનથી તેની રીતે ખાઈ પીને મસ્તીથી તેમને મનભાવન રેસીપીઓની રંગત માણવા દેશો. તો આજની પ્રજા આગળ કહયું તેમ પીઝા, બર્ગર, ફલાફલ, ટાકોઝ, વોન્ટોન, મેક્સીકન, થાઈ, ઈટાલીયન, ચાઈનીઝ રેસીપીઓ ખાવાનો આગ્રહ રાખે તો એમાં કંઈ જ અજુગતું નથી. ટેન્શનવાળા જમાનામાં આનંદીત મને રહે એજ સાચું છે. હવે તમને આ ટાઈટલ '- ' નો અર્થ સમજાશે. આજના યંગ જનરેશનને તમારો ડાયાબીટીઝનો વારસો ન મળે એ પહેલું વિચારજો. 'જાગ્યા ત્યાંથી સવાર' વિચારીને ઓછા તેલ ઘી વાળી, લોકેલ વાનગીઓ ખાય એમાં ગણપણ ઓછું આવે અને વળી દેશ વિદેશની વાનગીઓમાં પણ આજ સાધન સામગ્રી વપરાય છે. નામ રીતી જુદી જુદી હોય છે. બાલાસીનોરના વતનીઓ ખુશ ખુશાલ, તંદુરસ્ત રહે એજ ભાવનાથી આ લેખ લખ્યો છે.

બાળકો ખુશ તો આપણે પણ ખુશ. જૈનીઝમની જેમ સાંજના જમી લો પછી ગાર્ડનમાં ફરવા જાવ. બાળકો પણ બહારથી આવે અને ગરમ જમી લે પછી સૌ પોત પોતાનું કામ કરે તો ખાધેલું પચે, શરીર પર ચરબી જામતાં રોગ પગ પેસારો કરેજ કરે માટે સાંજના લો કેલેરીની રેસીપી બનાવો, વહેલાં જ જમવાનો આગ્રહ રાખો વહેલાં સુવો, વહેલાં ઉઠો.' વહેલાં સૂઈ વહેલાં ઉઠો, બળ બુદ્ધિ ધન બહુ વધે, સાંજના સુખિયું રહે શરીર' રાત મીઠી નિંદર લેવા માટે જ છે. તો વહેલાં જમો, વહેલાં સુવો, રોગથી દૂર રહો. મેદસ્વીતાથી પણ દૂર રહો અને ડાયાબિટીઝને સાતગજથી નમસ્કાર કરો. વિચારી અમલમાં મૂકજો.

## મધુરાં બોલે છે એ તો સાજમાં

વહેલાં મેલ્યાં છે મેં તો સુર શ્યામ નામના
મધુરાં બોલે છે એ તો સાજમાં...વહેતાં
વહેતાં વહેતાં એ તો ચૌદિશ ગુંજતાં
ગુંજતા ગુંજતાં સમાયા મારા ઉરમાં ...વહેતાં
ઉરમાં સમાતાં એ તો આનંદે છલકયાં
છલકયાં છલકયાં એ સમાયા મારા ગીતમાં વહેતાં
વહેતાં મેલ્યાં છે મેં તો સુર શ્યામ નામના
મધુરા બોલે છે એ તો સાજમાં...વહેતાં



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

## નવરાત્રિનો કાર્યક્રમ

**તારીખ** : ૧૮મી ઑક્ટોબર ૨૦૦૮, શનિવાર
**સમય** : બપોરે ૨.૩૦ વાગે
**સ્થળ** : શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી (સી.પી.ટેંક)

## દિવાળી સ્નેહસંમેલન:-

**તારીખ** : ૪થી નવેમ્બર ૨૦૦૮ મંગળવાર
**સમય** : બપોરે ૨.૩૦ વાગે.
**સ્થળ** : તેજપાલ ઓડિટોરિયમમાં
શ્રી કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત નાટક
**'બા અમારી બીગ બૉસ'**

અમને જણાવતા આનંદ થાય છે કે દિવાળી સ્નેહસંમેલનના મુખ્ય મહેમાન મધુબેન બાબુલાલ દેસાઈ (પેઢીવાળા) છે. આ કાર્યક્રમના પાસ રૂા. ચાલીસ લઈ વ્હેલા તે પહેલા ના ધોરણે સંસ્થાની ઓફિસમાં તારીખ ૨૦મી ઑક્ટોબરે બપોરે ૨.૦૦ થી ૪.૦૦માં (સભ્ય કાર્ડ લઈ આવનાર એક બહેનને ચાર કાર્ડ પર ચાર પાસ) આપવામાં આવશે. ત્યાર બાદ જે પાસ વધ્યા હશે તે સમિતિની બહેનો પાસે જેમના નામ હશે તેઓને આપવામાં આવશે. આ કાર્યક્રમ સભ્ય બહેનો માટે છે. કાર્યક્રમને દિવસે સભ્ય કાર્ડ લાવવું જરૂરી છે. ***-મિનોતી શાહ, સંયોજક, મહિલા વિભાગ***

# ‘ચા’ વીથ ચંપક કાકા

સવાર-સવારના પહોરમા બ્રશ કરીને હજી તો ચાં પીવાની શરૂઆત કરું છું ત્યાં તો બાજુવાળા ચંપકકાકા ધડામ કરતાં દરવાજો ખોલીને અંદર ધસી આવ્યા અને કંઈક હું બોલું તે પહેલાં તો મારી ચાનો કપ ઉપાડીને પીવા બેસી ગયા. હું તો ‘બાઘા’ની જેમ જોતો જ રહ્યો. ચા તો ગઈ. બીજી ચા માટે શ્રીમતીજીને પાર્થના કરી તો કહે આમ દરવાજા ખુલ્લા મૂકીને બેસી જાવ તો કૂતરા-બિલાડા ઘુસી જ જાયને ? કેમ ? ચંપકકાકા, હું ખોટું કહું છું ?

બિચારા ! ચંપકકાકા નું મોઢું તો જોવા જેવું થઈ ગયું.

ચંપકકાકા શું છે ? અત્યારના કેમ આવવું પડયું ?

તમે વાંચ્યુ ?

શું ?

આજનું છાપું !

ના ! હજી અમારું છાપુ આવ્યું નથી.

તમને કેટલીવાર કહયું કે છાપાવાળો બદલો, પણ તમે નરમ ના નરમ જ રહ્યા.

દિવ્ય-ભાસ્કર જલ્દી આવે છે અને ગુજરાતી સમાચાર કેમ નહિ ?

કાકા, વાત એમ છે કે ‘ભાસ્કર’નો ટાઈમ ઉગવાનો અને આથમવાનો નક્કી છે જ જ્યારે ‘ગુજરાત-સમાચાર’ને શ્રી નરેન્દ્રભાઈ મોદી કંઈક સમાચાર આપે ત્યાં સુધી રાહ જોવી પડે છે.

તમને તો કંઈક કહુ એટલે મઝાક સુઝે છે. જાવ ! મારે કંઈ પણ કહેવું નથી. પેટમાં દુખે એના કરતા કહી નાખો.

તમારા દિવ્ય-ભાસ્કરમાં એવું તે શું આવ્યું છે કે આમ સવારના પહોરમાં ઠેકડા મારતા મારા ઘરમાં આવી પડયા.

એકતા કપુર !

શું કર્યું ? લગ્ન કરી નાખ્યા ? સિરિયલો બંધ કરી નાખી ? હાશ ! હવે એકતાથી છૂટકારો થશે.

તમે ધારો છો એવું કંઈ નથી.

તો પછી નવિનતામાં શું છે ?

એકતાકપૂર મૂકેશ અંબાણીની દિવાની છે તે હમણાં જ ખબર પડી. તમને કેમ ખબર પડી ? તમારા ઘરે ફોન આવ્યો હતો ? તમે પણ સારી મઝાક કરો છો. ફોન અને મારા જેવા કાકાને ! દિવ્યા-ભાસ્કરમાં આવ્યું છે કે કરણ-જોગરે તેના કોફી વીથ કરણમાં એકતાકપૂરને પ્રશ્ન કર્યો કે તમને પરણવાનું કહેવામાં આવે તો તમારા મનનો માનીડો કેવો હશે.

શરમ વગરની ! તરત જ જવાબ આપ્યો કે મને તો મૂકેશ અંબાણી જેવો બીઝનેશમેન અને સારા ફેમીલીમેન જેવો પુરુષ જોઈએ.

અરે ! બિચારી-બાપડી નિતાનો તો વિચાર કરવો જોઈયેને ! હવે મૂકેશની ઘરે દિવાળીના ફટાકડા જ ફૂટવાના.

શા માટે ? તમે કેમ સમજતા નથી ? મૂકેશની ઉપર નિતા ને વિશ્વાસ કેમ રહેશે ? તેણીને તો એમ જ લાગશેને કે મૂકેશે મને આજદીન સુધી અંધારામાં રાખી. બંન્ને વચ્ચે ઝગડા થશે. નિતા રડતાં રડતાં કહેશે કે તમે તો મને તમારા અને એકતાના સંબંધો વિશે કંઈ પણ જણાવ્યું નહિ પણ ભલુ થાજો કરણ-જોહરનું જેણે મારી આંખો ખોલી નાખી. પેલી શરમ વગરની એકતા, કરણના પૂછવાથી ફટાક દઈને જવાબ આપે છે કે મારે તો મૂકેશ અંબાણી જેવો જ પતિ જોઈયે. સાવ નફફટ છે. નામ છે એકતા અને કામ કરે છે છૂટા પાડવાના !

એકતા ને ‘ક’ની સાથે લેણ-દેણ છે તો પછી તે મૂકેશના ‘મ’માં કેમ અટવાણી ? તેની સિરિયલોમાં ભલે લોકોના ઘર ભંગાવે ! ભલે લોકોને બબ્બે–ત્રણ-ત્રણ વાર પરણાવે ! ભલે મરેલાંને વારંવાર જીવતા કરી ને પાછા લાવે ! પણ કોઈની રીયલ જીંદગીમાં તો તેણી એ પોતાની સિરિયલો જેવું ના કરવું જોઈયે ને ?

એટલે !

‘ક’ એટલે કનડવાનું !

*- સુરેશ લ. પરીખ - ‘સુલપ’*

# શ્રી ગોકુલનાથજી મંદિરના વૈષ્ણવો ઠાકોરજીનું સુખ વિચારશે ખરા ?

બાલાસિનોરનું મોટા મંદિર-શ્રી ગોકુલનાથજી મંદિર ઘણા વર્ષોનું મંદિર છે, હમણાં એક સમાચાર જાણવા મળ્યા કે, થોડા દિવસો પૂર્વે મંદિર પરિસરમાં દસ (૧૦) કલાક સુધી વીજળી - ઈલેક્ટ્રીસીટી નહોતી! કદાચ વિદ્યુતનો પુરવઠો માંગના પ્રમાણમાં દેશભરમાં ઓછો છે. ગુજરાત રાજ્ય એમાંથી બાકાત તો ના જ રહે.

મળેલી માહિતી પ્રમાણે મંદિરમાં ટ્રસ્ટ પાસે પર્યાપ્ત ભંડોળ છે. વૈષ્ણવો ભેટરૂપે અઢળક નાણાં મંદિરમાં આપે છે. આવા આકસ્મિક સંજોગોમાં **વૈકલ્પીક વ્યવસ્થા જનરેટર જેવી** વિચારી ના શકાય? મંદિરમાં જરૂરી જનરેટર મૂકવામાં આવે તો ઈલેક્ટ્રીસીટીના મળે એ સંજોગોમાં વિદ્યુત પ્રવાહ સતત્ ચાલુ રાખી શકાય. મંદિર પોતાના ટ્રસ્ટ ફંડમાંથી આવું જનરેટર વસાવી શકવા શક્તિમાન છે. છતાં ઠાકોરજીના સુખનો વિચાર કેમ કરવામાં નથી આવતો ?

મંદિરનું ટ્રસ્ટ જનરેટર ના વસાવે તો કોઈ દિલદાર દાતા આવું જનરેટર મંદિરને ભેટ આપે એવો વિકલ્પ છે જ.


***-લિ. એક જાણકાર***

## દિવાળી બક્ષિસ

વર્ષોથી દર દિવાળી નિમિત્તે એક અનામિ દાતા તરફથી આપવામાં આવતી બક્ષિસ આ વર્ષે પણ આપવામાં આવશે. તા. ૧૭-૧૦-૨૦૦૮થી બપોરના ૪ થી ૬ ના સમયમાં શ્રી કિર્તીભાઈ લટકારી પાસેથી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય પરથી આર્થિક અથવા અન્ન સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ રૂા. ૫૦૦-૦૦ આપવામાં આવશે.

***- રજની લટકારી***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઉપનગર વિભાગના દાંડીયા રાસ પ્રસંગે મુખ્ય મહેમાન
## ગુણવંતરાય ઓચ્છવલાલ શાહ (સુરતવાળા) હાલ USA નો પરિચય



**શ્રી ગુણવંતરાય ઓચ્છવલાલ શાહ**



**શ્રીમતી લીલાવતી ગુણવંતરાય શાહ**

ઈ.સ.૧૯૨૯ના જુન માસની ૨૮ તારીખે પિતા શ્રી ઓચ્છવલાલ ચુનીલાલ શાહ (શાનાદરા પાલૈયા)વાળા ને ત્યાં માતુશ્રી રમાબેન (રમતીબેન) તેઓને કુખે જન્મ થયો હતો. તે સમયે અમારા પિતાશ્રીનો ધંધો સુરત શહેરમાં સાચી જરી (Pure Gold)નો હતો તે સારો ચાલતો હતો. આ અગાઉ માબાપને બે બાળકો ગુજરી ગયાનો અફસોસ હતો જેથી મને ભીખણો એટલે પોતાના પૈસાથી કપડાં પહેરવાના નહિ અને નામ ભીખુ (ભીખાલાલ) રાખેલ. ખરૂ નામ ગુણવંતરાય ઓચ્છવલાલ શાહ છે. આવા સમયમાં કુદરતની કંઈ જુદી રીતની કરામત થઈ અને ધીકતો ધંધો સુરત શહેરમાં કરતા પિતાશ્રીનું અકાળે અવસાન થઈ ગયું. હવે ધંધો કોઈ સંભાળી સાચવી શકે તેમ હતું નહિ. ઘણું નુકશાન કરી ધંધો બંધ કરી વાડાસીનોર મુકામે પોતાનું ઘર મદાઈ શેરીમાં રહેવાનું ચાલુ કર્યું. ગુજરાતી ભણતર અને ઈંગ્લીશ ૪(IV) વાડાસીનોરમાં પુરૂ કરી ૧૯૪૫માં મુંબઈ મુકામે દૂરના સગપણ નજીદીક કરતા વધારે ઉપયોગી થયા શ્રી સાંકરલાલ કડુજી શાહ જે મને તેમને ત્યાં લઈ ગયા ભણાવ્યો અને મેટ્રીક સુધી પોપ્રાયરી હાઈસ્કુલ નાના ચોકમાં પુરોકરી ભણવાનું છોડી દઈ તરતજ B.Chimanlal & CO. Attarwala ને ત્યાં રૂા. ૪૫ ની નોકરી સ્વીકારી પછી જ ચાર મહિના પોતાનો ધંધો ચાલુ સ્ટેશનરી સપ્લાયનો કર્યો. ૧૯૪૭માં તે પછી અબ્દુલ રહેમાન સ્ટ્રીટમાં રૂપાવાલા ટેરેસમાં બાઈન્ડીંગ રૂલીંગ માટે અને ત્યાર પછી ધંધામાં ફાવટ નહિ આવવાથી ધંધો ટુંક સમયમાં બંધ કરી ભાગીદારી છુટી કરી પોતાનો ધંધો ચાલુ કરી અને વીલેપાર્લામાં જગા લીધી અને ૧૯૫૨માં મારા લગ્ન લીલાવતી સાંકરલાલ બાપુલાલ કડકીયા રેણાવાળાને ત્યાં થયા. ૧૯૫૩માં મોટી દીકરીનો જન્મ મુંબઈમાં થયો પછી ૧૯૫૫માં બીજી દીકરીનો જન્મ થયો અને ૧૯૫૫માં દીકરાનો જન્મ પણ મુંબઈમાં થયો હવે આ દરમ્યાનમાં મારી તબીયત બગડી ગઈ અને ધંધો પણ બરોબર ચાલતો નહિ એટલે ૧૯૫૫માં બધાને લઈને વાડાસીનોર ગયા ત્યાં તબીયત સારી થઈ પછી નોકરી અંબાલાલ એન્ડ કું. દવા વાળાને ત્યાં કરી ન્યુઝપેપરની ફેરી કરી અને ચારજ મહીનામાં ૧૯૫૭માં નગર પાલીકાની નોકરી જકાતખાનામાં રૂા. ૭૫ ના પગારની મળી ગઈ. હવે દિવસો બરાબર ચાલુ થયા અને તેવામાંજ નોકરી સાથે દૂધનો ધંધો પણ ચાલુ કર્યો જેમાં સારી આવક થઈ અને ૧૯૭૬માં મોટી દીકરી મીતાના લગ્ન અમેરીકા USA નિવાસી ડૉ. દીપકકુમાર મહેતા સાથે કર્યા અને બીજી દીકરી શીલાના શૈલેશકુમાર રોજવાવાળા નવનીતલાલના પુત્ર સાથે કર્યા બે બહેનો એક USA અને બીજી વીલેપાર્લા (મુંબઈ) સ્થાઈ થઈ ગયા. આ ટાઈમે મોટો દીકરો વાડાસીનોરમાં B.Com. થઈ રસીકલાલ દલાલને ત્યાં સેન્ટીનલ ઈલેમાં

નોકરીમાં દાખલ થયો. હવે કુદરતે સાથ આપવાનું શરૂ કર્યું મુંબઈ મુકામે ૧૯૭૮માં બોરીવલીમાં ફ્લેટ લીધો. ૧૯૮૩માં તેઓના ધર્મપત્નિ USA ગયા અને બે દીકરા ત્યાં ૧ દીકરી પણ તરત જ -ગયા. મોટો દીકરો લગ્ન માટે મુંબઈ ૧૯૮૫માં આવ્યો અને ત્યાર પછી ૧૯૮૬માં નાની દીકરી અને દીકરો આવ્યા હાલમાં પાંચ સંતાનો USAમાં સારી જગાએ છે. મોટલ ધંધો કરે છે. ૧૯૬૭માં હું USA ગયો. કાયમ માટે ત્યાં જઈ નાનો મોટો ધંધો ચાલુ કર્યો ૧૦ વર્ષ ખુબ મહેનત કરી અને ૧૯૯૭ થી રીટાયર્ડ થઈ ત્યાં ની સીટીઝનશીપ બંન્નેએ લીધી હવે અવારનવર ઈન્ડીયા ચાર છ માસ માટે આવીએ છીએ. શેષ જીવનમાં ઈશ્વરની ઘણી કૃપા છે. શાંતી અને આનંદમાં દિવસો પસાર થાય છે. અવર નવર વાડાસિનોર વધુ રહેવાનું થાય છે. ત્યાં સવારમાં પાંચ વાગે શ્રી કેદારેશ્વરની ટેકરી ઉપર ફરવા જવાનો આનંદ આવે છે. અને હવામાન ત્યાંનું સારૂ લાગે છે. અને દેવદર્શનનો પણ વાડાસિનોરમાં લાભ સારો રહે છે. આવા ઉમદા મુખ્ય મહેમાન બદલ સંઘ ગૌરવ અનુભવે છે.

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### વસ્તીપત્રક અંગેની અગત્યની સુચના

જેઓએ વસ્તીપત્રક માટેના ફોર્મ સંપુર્ણ વીગતો સાથે ભરીનેના મોકલ્યા હોય તેઓ ને વિનંતી કે આખર તારીખની રાહ ન જોતા વહેલામાં વહેલી તકે સંપુર્ણ વીગતો સાથે ભરેલા ફોર્મ સંસ્થાની ઓફીસે પહોચતા કરવા. શક્ય હોય તો સગા સંબંધીઓના ફોર્મ પણ ભરી ને સાથે લાવવા વિનંતી છે. જેથી કરીને અમોને આ કાર્યમાં આગળ વધવાની સુવીધા પડે અને હાથ ધરેલ કાર્ય વહેલામાં વહેલી તકે પાર પાડી શકીએ.

***સંયોજક - જસ્મીન શેઠ , મંત્રી - મંજૂલ ધારીયા***

# સુખની ચાવી સમતા

સમતા અને સહનશીલતા વચ્ચે તાત્વિક ભેદ છે. સમતા સ્વભાવની કેળવણી નથી. પણ સ્વભાવનો અતૂટ હિસ્સો છે. જ્યારે સહનશીલતાએ કેળવાતી જતી બુદ્ધિ છે. સમતા જન્મ હોઈ શકે. સહનશીલતાએ અનુભવો, ઠોકરો, અભિપ્રાયો પછીનું લાધતું જ્ઞાન છે.

સમત્વ એ ચિત્તની ઉચ્ચ સ્થિતિ છે અને એ જ માણસને કાળક્રમે ઉચ્ચ આસને બિરાજે છે, સમતા વાસ્તવમાં આપણાં સ્વનો ચેતો વિસ્તાર છે એમાં મૈત્રિભાવ, ઉષ્મા, પ્રત્યાયન, પરાવલંબન, સ્વીકાર પરિતોષ, ઉદારતા અને આનંદનો સહર્ષ અનુભવ થાય છે. સમતા એ માત્ર સદ્ગુણ નથી સહજવ્રત છે. વ્રત એટલે એની મેળે વર્તે તે અને આવું વ્રત તે એટલે પરમાત્માને આપેલું વચન, બાંયધારી પછી તમને સમજાશેકે મિત્રનાં કપાળ પરની માખી ઉડાડવા લાકડીનો ઉપયોગ ન થાય સમતાની ભાષા ગણિત અને ગણતરીથી પર હોય છે.

સમતા એ ખરેખર પરાક્રમનું ભૂષણ છે. વાતવાતમાં ચિડાઈ, છેડાઈ જવાથી પોતાની આંતરીક શક્તિ ક્ષીણ થઈ જાય છે. અને સમાજમાં આવા માણસો એકંદરે ધિક્કાર પાત્ર બનતાં હોય છે. કોઈની પ્રત્યે ગુસ્સો કરવો એટલે બીજાની ભૂલોની શિક્ષા પોતાની જાતને કરવી. આપણે જેને સદાચાર કહીએ છીએ તે પણ માણસનાં જીવનમાંથી ઉગેલો હોવો જોઈએ. તેની ફોરમ તેનાં પોતાનામાંથી સ્વમાંથી પ્રગટવી જોઈએ.

આપણી અપેક્ષા મુજબ જ બધું થવું જોઈએ એવો દુરાગ્રહ અનેક ઘર્ષણ નોતરતો હોય છે. પરિણામે ગુલિસ્તાન બની શકે એવી આ પૃથ્વી પર આપણે કબ્રસ્તાન વધારી રહ્યા છીએ. જો આવી આપણી મનોવૃત્તિને અટકાવવામાં નહિં આવે તો એક દિવસ માણસની નહિ મમીની બોલબાલા હશે. આથી સુખની ખરી ચાવી સમતા માત્ર છે. આવો આપણે આવો સદવિચાર અમલમાં મૂકી આ પૃથ્વીને સ્વર્ગ બનાવીએ.

***- રાજેષ કડકીઆ***

# ૧૨ વર્ષની બાલિકાનો માનવજાતને બચાવવા માટે સુંદર પત્ર

**( એક નાનકડી બાલિકાની સંવેદનશીલતા આ પત્ર દ્વારા વ્યક્ત થઈ છે)**

*- સોનલ શુકલ - ઉત્કર્ષ મઝુમદાર*

ના, આ કોઈ મોટરકારની વાત નથી. નામ એનું સુઝુકી છે, પણ એ કેનેડામાં ઊછરેલી અને વાંશિક રીતે જાપાનીઝ સ્ત્રી છે. અત્યારે એ અઠ્ઠયાવીસ વર્ષની છે અને ઓછામાં ઓછાં સત્તર-અઢાર વર્ષથી વર્યાવરણવાદી તરીકે સક્રિય છે. એ એવાં બાળકોમાંની હતી જેમણે જાહેર કરેલું કે અમારે પૂર્વજો બનવું છે, હે વડીલો! અમને પૂર્વજો થવા દેજો. અર્થાત્ પૃથ્વી રસાતાળ જાય તેવાં જળ, જમીન, જંગલ અને પ્રાણીમાત્ર સામેનાં પાપ કરતાં અટકી જાઓ. ૧૯૯૨માં બ્રાઝિલમાં 'અર્થ સમિટ' (પૃથ્વી અંગેની શિખર પરિષદ) થયેલી તેમાં બાળકોના પર્યાવરણ બચાઓ સંગઠન વતી એ બોલેલી. એ નાનકડા ભાષણને આખી પરિષદના પ્રતિનિધિઓએ ઊભા થઈ જઈને તાળીઓના ગડગડાટથી વધાવેલું. એ નાના કિશોરવયના જૂથે પરિષદમાં આવવા પૈસા પણ જાતે જ એકઠા કરેલા. એણે જે કહયું તે આજે પણ લોકો યાદ કરે છે અને એની ચેતવણીઓ તેમ જ એની દલીલો કરતાં પણ આજે વધુ લાગું પડે છે. એ શબ્દો ચોર્યા વિના કહે છે. અહીં આવવામાં મારો કોઈ છૂપો આશય નથી. હું મારું ભવિષ્ય બચાવવા લડી રહી છું. ભવિષ્ય હારી જવું એ કાંઈ ચૂંટણી હારી જવી કે શેરબજારમાં થોડા પોઈન્ટ ગુમાવવા જેવું નથી. હું આવનાર બધી પેઢીઓ વતી બોલવા માટે અહીં ઊભી છું. દુનિયાનાં ભૂખે મરતાં બાળકો જેમનાં રુદન કોઈ સાંભળતું નથી એમના વતી બોલવા હું અહીં આવી છું. આ દુનિયામાં અસંખ્ય પશુ-પક્ષી મરી રહ્યાં છે, કારણ કે એમને આશરો લેવા જેવી કોઈ જગ્યા બચી નથી. હું એમના વતી બોલવા અહીં હાજર છું. અમને સૌને સાંભળવાની અવગણાના થાય એ અમને પોસાય તેમ નથી. મને સૂર્યપ્રકાશનો ડર લાગે છે, કારણ કે ઓઝોન સ્તરમાં કાણાં પડેલાં છે. મને શ્વાસ લેતાં ડર લાગે છે, કારણ કે કોણ જાણે ક્યાં ક્યાં રસાયણો હવામાં તરે છે. માછલીઓને કેન્સર થયાં છે અને રોજ રોજ કેટલાંય પશુપક્ષીના અને ઝાડછોડના પ્રકાર દુનિયામાંથી કાયમ માટે અલોપ થઈ રહ્યા છે. મારા છોકરાં શું જોવા પામશે? કબૂલ કે હું બાળક છું અને મારી પાસે આ સૌનું નિરાકરણ નથી, પણ જરા સમજો તમારી પાસે નથી. તમને ક્યાં ઓઝોન સ્તર સાંધતાં આવડે છે. અલોપ થઈ ગયેલાં પશુપક્ષીને સજીવ કરતાં કે રણપ્રદેશ બનાવી દીધેલાં જંગલો ત્યાં ફરી ઉગાડતાં આવડે છે? સાંધતાં ન આવડતું હોય તો તોડવાફોડવાનું બંધ કરી દો. કેનેડા અને બીજા ધનિક દેશોમાં (અને બધા દેશોમાં પામતા-પહોંચતા લોકોમાં) લોકો પાસે કેટકેટલું છે? ખૂબ બધું ખરીદી, વાપરીને ફેંક્યા જ કરે છે અને છતાં લોભને થોભ નથી. બીજા જોડે વહેંચીને વાપરવું કોઈને ગમતું નથી. હજી બે દિવસ અગાઉ બ્રાઝિલમાં રસ્તે રહેતાં થોડાં બાળકો જોડે અમે વાત કરતાં હતા. એક બચ્ચાએ મને કહયું, 'હું પૈસાદાર હોઉં તો કેવું સારું! રસ્તે રહેતાં-રઝળતાં બધાં બાળકોને હું ખાવાનું, કપડાં, દવા, રહેવાની જગ્યા અને વહાલ આપું.' આપણી પાસે બધુંય છે તો પણ કેમ આવા સ્વાર્થી અને એકલપેટા છીએ?

મારી વયનાં છોકરાંઓ વિશે મને સતત વિચાર આવે છે કે માત્ર ક્યાં જન્મયો છે તેનો કેટલો બધો પ્રભાવ પડે છે? હું રિયો ડી જોનેરોના ઝૂંપડામાં જીવતી હોત કે સોમાલિયામાં યુધ્ધનો ભોગ બની ભૂખે મરતી હોત કે ભારતમાં બાળભિખારી બની હોત જો હું ત્યાં આવી સ્થિતિમા જન્મી હોત, બાળકનો શો વાંક? તમે વડીલો અમને શીખવો છો કે બીજા જોડે લડવું નહીં, સામા માણસ જોડે સન્માનથી વર્તવું, વહેંચીને ખાવું ને એકલપેટા ન થવું, બગાડયું હોય તો પોતે જ સાફ કરવું વગેરે વગેરે. ધરતી સામેના તમારા વર્તનમાં કેમ તમે આવું કરતા નથી? તમે પૃથ્વી અંગેની પરિષદ બોલાવી છે તો ભૂલતા નહીં કે આ પૃથ્વી કોને માટે તમારે બચાવવાની છે. તેમ નક્કી કરી રહ્યા છો કે અમારે કેવી દુનિયામાં મોટા થવાનું છે અને જીવવાનું છે. શું માબાપ અત્યારે બાળકને કહી શકવાની સ્થિતિમાં છે કે બેટા, ડરશો નહીં, બધું ઠીક થઈ જશે? વડીલવર્ગના વર્તનથી મને રોજ રાતે રડવું આવે છે. તમે મોટેરાં કહો છો કે તમને અમારા માટે પ્રેમ અને કાળજી છે. હું પડકાર સાથે વિનંતી કરું છું કે મહેરબાની કરીને તમે બોલો છો તે કરી બતાવો.

# ધર્મમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિ

વિશ્વમાં જે અસંખ્ય શબ્દોની રચના કરવામાં આવી છે તે સૌમાં શ્રેષ્ઠ શબ્દ છે ધર્મ! ધર્મણાદ્ ધર્મ. અર્થાત્ ધર્મ એટલે ધારણ કરવાની ક્ષમતા. સમાજને ધારણ કરી, એને છિન્નભિન્ન થતાં, તૂટતાં, વિખરતાં અને અંધાધૂંધી તેમજ અરાજકતા રોકીને એનું રક્ષણ કરે એ જ 'ધર્મ' છે.

વૈદિક સમયમાં આપણી પ્રજા શુદ્ધ ધર્મનું આચરણ કરતી હતી. પરંતુ ધીરે ધીરે પ્રજા કર્મકાંડ તરફ વળી ગઈ અને એ કર્મકાંડો અત્યંત ખર્ચાળ બનતા ગયા. એનો લાભ આગળ જતાં પૌરાણિક યુગમાં પુરોહિતોએ લીધો. પુરોહિતોએ આખા ધર્મને એટલો મોટો વળાંક આપી દીધો કે જાણે આજીવિકાનો જ ધર્મ બની ગયો હોય. કર્મકાંડલક્ષી ધર્મ બની ગયો એટલે વાતવાતમાં તમારે આ કરવાનું, આ સામગ્રી લાવવાની, આ બધું લાવવાનું.

એટલે ધર્મ એ આખો કર્મકાંડલક્ષી બની ગયો અને કર્મકાંડ એ પાછો વહેમલક્ષી બન્યો. જો તમે આ નહીં કરો તો તમારા ઘરમાં આમ થશે. તમને શનિ નડે છે, તમને રાહુ નડે છે. આ પ્રમાણે તેને સતત ભય બતાવ્યો. ઘરમાં રહેવા જાઓ તો વાસ્તુ કરો, નવચંડી કરો, ફલાણો યજ્ઞ કરો. બાળક જન્મ્યું છે તો આ વિધિ કરો, પેલી વિધિ કરો અને આ બધી વિધિઓમાંથી પ્રજાને નૈતિકતા નથી મળતી, સચ્ચાઈ નથી મળતી. એક ભય, એક વહેમ, જાણે નહીં કરીએ તો શું થઈ શકે! એના કારણે આ બધું થાય તો ખરું, પણ સામાન્ય જીવનમાં પ્રજાને જે નૈતિકતા કે ઉત્તમતા મળવી જોઈએ એ મળતી નથી.

હમણાં હમણાં કેટલીક અંધશ્રદ્ધાવાળી ગંભીર ઘટનાઓએ વિચારવાન લોકોને ચિંતિત કરી મૂક્યા છે. ખેરાલુના બાપુ ફૂંક મારીને રોગ મટાડે છે, ગણપતિજીની મૂર્તિ દુધ પીવે છે. રાખડીઓ છોડી નાખો નહીં તો તમારા ભાઈ મૃત્યુ પામશે વગેરે ઉપજાવી કાઢેલા પ્રસંગોથી લોકોની આંખો ઊઘડવી જોઈતી હતી, પણ ના ફરી, બીજાં, ત્રીજાં, ચોથાં માતાજીઓ થાય જ કરે છે અને લોકો અંધશ્રધ્ધાની આંધીમાં તણાયા કરે છે. એક માતાજી જીભથી મોતિયો ઉતારી આપે છે, બીજી માતાજીને સાત માતાઓ હાજરાહજૂર હોવાનો દાવો છે. ત્રીજા માતાજી સ્વયં અંબાજીનો અવતાર છે, એક જ ઘરની બે બહેનો જુદા જુદા ક્ષેત્રમાં અંબાજી અને કાળકા મા થઈને જયજયકાર કરે છે. આ માતાજીઓ લોકોનાં દુઃખદર્દો ચમત્કારથી દૂર કરે છે, પણ તે બની બેઠેલી માતાજીઓ બીમાર થાય ત્યારે ડોકટરોને બોલાવે છે!

જ્યોતિષીઓ દ્વારા દર્શાવેલ ચોઘડીયામાં માનવું એ પણ અંધશ્રદ્ધા જ છે. શુભ, લાભ, કાળ વગેરે ચોઘડિયાનું અસ્તિત્વ જ નથી. તે માત્ર કલ્પના છે. પ્રત્યેક દોઢ કલાકમાં વાતાવરણમાં એવું કોઈ રાસાયણિક પરિવર્તન થતું નથી કે શુભમાંથી કાળ થઈ જાય અને કાળમાંથી શુભ થઈ જાય. વિશ્વમાં એક જ વખતે ક્યાં બધે એક જ સમય હોય છે? જાપાન, ભારત, યુરોપ અને અમેરિકામાં એક જ સમયે ઘડિયાળો જુદો જુદો સમય બતાવે છે. ઘડિયાળોના કાંટાની સાથે ચોઘડિયાં ચાલતાં હોય તો વિશ્વના જુદા જુદા ભાગમાં એકીસાથે બધાં જુદાં જુદાં ચોઘડિયા લાગ્યાં હોવાં જોઈએ. પશ્ચિમના દેશોનું સદ્ભાગ્ય છે કે તેમને આ ચોઘડિયાં વળગ્યાં જ નથી અને એટલે પ્રત્યેક ત્રણ મિનિટે ઊડતાં વિમાનમાં તે જ્યોતિષ પાસે ચોઘડિયાં જોવડાવ્યા સિવાય ભય, શંકા કે ચિંતા વિના પ્રવાસ કરી શકે છે. જ્યારે આપણે શુભ ચોઘડિયા સિવાય ઊડતા વિમાનમાં બેસવા 'પસ્તાનું' કરવું પડે છે. આ ધર્મ નથી, અંધશ્રદ્ધા છે. ધર્મ તો આત્મબળ આપે, હિંમત આપે, વિશ્વાસ આપે. જ્યારે અંધશ્રદ્ધા તો વહેમ, ચિંતા અને ડગુમગુ વલણો આપે.

દરેક દિવસ ઈશ્વરનો બનાવેલ છે, એટલા માટે દરેક

દિવસ સુંદર અને પવિત્ર છે. ઈશ્વર મહાન છે એટલા માટે તેની રચનાઓ પણ મહાન છે તેની કૃતિઓમાંથી શુભ-અશુભના દોષ કાઢવા એક પ્રકારે ઈશ્વરને જ અપવિત્ર અને દોષી ગણવા જેવી બાબત છે.

હિંદુઓની માન્યતાઓની વિરુધ્ધ વિશ્વના બધા દેશો અને જાતિઓમાં એવા દિવસોમાં લગ્ન થાય છે જે લગ્નો માટે જ્યોતિષ પ્રમાણેનો સમય અશુભ માનવામાં આવ્યો છે. આવી દશામાં તે બધાનાં લગ્નો અસફળ જ થવાં જોઈતાં હતાં પણ આવું થતું નથી. મુહૂર્ત જોયેલાં લગ્નોની માફક નહીં જોયેલાં લગ્નોમાંથી કેટલાંક સફળ થાય છે તો કેટલાંક નિષ્ફળ જાય છે. લગ્નોની સફળતા મુહૂર્ત ઉપર આધારિત નથી, પણ પતિ-પત્નીની રહેણી કરણી ઉપર આધારિત છે.

ભારતની દશા પહેલાંથી આવી નહોતી. એક સમય એવો પણ હતો જ્યારે સંસારમાં સૌ પ્રથમ અહીં દાર્શનિક જ્ઞાનનો પ્રકાશ ફેલાયેલો હતો. અહીંના વિદ્વાનોએ સાંખ્ય અને વૈશેષિક જેવા સિદ્ધાંત શોધી કાઢ્યા હતા જેનાથી સૃષ્ટિ અને પરમાત્માના મૂળ સ્વરૂપની પણ સ્પષ્ટ રીતે શોધ કરી લીધી હતી. અહીં વૈદિક સમયમાં અંધશ્રદ્ધા કે અતિશ્રધ્ધા સિવાયનો શુધ્ધ ધર્મ પ્રચલિત હતો. શ્રવણ સમયમાં અને પુરોહિત સમયમાં ધીમે ધીમે વિજ્ઞાન દૂર થતું ગયું અને તેની સાથે સાથે ધર્મમાં અતિશ્રધ્ધા અને અંધશ્રધ્ધાની પક્કડ મજબૂત થતી ગઈ. હવે આનો ઉપાય શો ? આનો ઉપાય છે ધર્મમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિ. હાલમાં આપણા સમાજમાં જે જે અંધશ્રદ્ધાઓ અને અતિશ્રધ્ધાઓ છે તેને વિજ્ઞાનની એરણ ઉપર ચકાસવાથી દૂધનું દૂધ અને પાણીનું પાણી જુદું થઈ જશે. અંધશ્રધ્ધા અને અતિશ્રધ્ધા દૂર થઈ જશે. અને વૈજ્ઞાનિક દષ્ટિકોણવાલા શુધ્ધ ધર્મનો ઉદય થશે.

અંધશ્રધ્ધાનું સૌથી મોટું ઉદ્‌ગમકેન્દ્ર આજની સપ્તાહો(કથાઓ), સત્સંગો, ચમત્કારિક આખ્યાનો અને ચમત્કારિક ચલચિત્રો છે.

આ બધા માધ્યમો દ્વારા પ્રજાને જે કથાવસ્તુ પીરસાય છે તેમાં શાપ અને આશીર્વાદની કથાઓ ભરપૂર રહે છે. ફલાણા ઋષિએ શાપ આપ્યો અને ફલાણાએ આશીર્વાદ આપ્યો. આશીર્વાદ (અને શાપ પણ) આપનારાથી ભારત દેશ છલકાઈ રહ્યો છે. શિક્ષિત, અશિક્ષિત અને ભણેલા બધા જ આશીર્વાદ માટે દોડી રહ્યા છે. કોઈને સવા શેર માટી જોઈએ, કોઈને નોકરી જોઈએ, કોઈને પૈસાદાર થવું છે, કોઈને ચૂંટણી જીતવી છે, કોઈને વિદેશ જવું છે તો કોઈને દુકાન ચલાવવી છે. આશ્ચર્યની વાત તે એ છે કે આ બધાંની દુકાનો ચાલે કે ન ચાલે, પણ આશીર્વાદની દુકાનો ખોલનારની દુકાનો ખૂબ ચાલે છે ! જ્યાં સુધી શાપ અને આશીર્વાદની પ્રચુર કથનોવાળી સપ્તાહો ચાલશે

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમા સોમ થી શનિ ૪ થી ૬ દરમ્યાન કિર્તી હીરાલાલ કડકીઆ અથવા સમીર જયેન્દ્ર ગાંધી- નિકોશી ટ્રેડીંગ કું., ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ-૨. ફોન : ૨૨૦૬૦૨૯૪ /૨૨૦૩૮૦૭૭ Email.nikoshi@vsnl.com ને મોકલવાનું રહેશે આ સિવાય કોઈ પણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

***સંયોજક - સમીર ગાંધી, મંત્રી- મંજુલ ધારીઆ***

ત્યાં સુધી અંધશ્રધ્ધાને આંચ આવવાની નથી. સપ્તાહો કે સત્સંગ બંધ કરવાની જરૂર નથી, સપ્તાહોથી હજારો બલકે લાખો લોકોને ભક્તિ, શાંતિ અને સન્માર્ગની પ્રેરણા મળે છે. જરૂર છે તેના કલેવરને બદલવાની., હવે શાપ અને આશીર્વાદની કથાઓની જગ્યાએ પુરુષાર્થ, સાહસની વિજ્ઞાનની કથાઓ સંભળાવવાની જરૂર છે.

પશ્ચિમે જેમ ધર્મનું અફીણ છોડવા માંડ્યું અને વિજ્ઞાનનો વિકાસ કર્યો તેમ ભારતમાં પણ ધીરે ધીરે એક જાગ્રત વર્ગ ઉત્પન્ન થયો છે જે માત્ર ધર્મની દ્રષ્ટિએ એટલે કે વૈજ્ઞાનિકધર્મની દ્રષ્ટિએ તે વિચારતો થયો છે. તેને સમજાવા લાગ્યું છે કે હવે શીતળામાતાનાં મંદિરો બાંધવાથી પ્રજા શીતળામુક્ત થવાની નથી. હવે તો શીતળાની રસી શોધનારી પ્રયોગશાળા બાંધવાની જરૂર છે. એકની પાસે અંધશ્રદ્ધાનું બળ છે બીજાની પાસે વિજ્ઞાનનું બળ છે.

હવે દેશ શીતળાથી મુક્ત થયો છે પણ મંદિરોના કારણે નહીં પણ રસીના કારણે મુક્ત થયો છે. દવા અને દોરાધાગા એકસાથે ચાલે છે. દોરાધાગા કરનારાઓના જેટલા પગ પૂજાય છે તેટલા દવા કરનારાના નથી પૂજાતા. સર્પ કરડે એટલે પહેલાં તો ભાથીજીના બૂવા પાસે જઈને દોરો બાંધવાનો પછી મોડે મોડે દવાખાને જવાનું આ જ પ્રમાણે હડકાયું કૂતરું કરડે તો હડકાઈ માતાના મંદિરે પ્રથમ જવાનું અને પછી દવાખાને જવાનું. આવી સ્થિતિનું નિર્માણ ધાર્મિક કુમાન્યાઓ દૂર કરવા ધર્મમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિની એક પ્રબળ ઝુંબેશ થવી જોઈએ. ઝુંબેશ બે પ્રકારની હોવી જોઈએ. વિજ્ઞાનમાં ધર્મદ્રષ્ટિ કેળવવાની ઝુંબેશ હોવી જોઈએ અને સાથે ધર્મમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિ કેળવવાની ઝુંબેશ થવી જોઈએ. આમ બંને પ્રકારની ઝુંબેશથી આપણે સુખી અને સમૃધ્ધ બનીશું.

***(લેખક ભૌતિકશાસ્ત્રના પૂર્વ આધ્યાપક અને અમરનાથધામના મેનેજિંગ ટ્રસ્ટી છે.***

# હે જઠર દેવ! મિચ્છામિ દુક્કડમ્!
## (મારા દુષ્કૃત્ય માટે ક્ષમા કરો)

- *ડૉ. મહેરવાન ભમગરા*

પરમ પૂજ્ય પેટ, ઘણા સમયથી થતું હતું કે તારા પર કરાયેલા અત્યાચારો માટે તારી માફી માંગું. પરંતુ સામાન્ય રીતે જેમ કોઈ ગુનેહગારને પોતાનો ગુનાહ દેખાય છતાં તે માટે એ માફી માગવામાં આજ સુધી વિલંબ કરતો આવ્યો છું. હું તારી ક્ષમા આ કાગળ દ્વારા પ્રાર્થું છું.

ફિલ્મી વાર્તાઓમાં, તેમજ વાસ્તવિક જીવનમાં પણ ક્યારેક કોઈએ નાનું મોટું કુકર્મ કર્યું હોય તેને એવું કહેતો સાંભળીએ છીએ કે, 'પાપી પેટને વાસ્તે મેં આ ભૂલ કરી.' માનવી પોતાને બદનામ કરવાને બદલે તને પાપી ગણાવે છે. પેટ દેવ! તું તો કોઈ પણ પાપ કરવાની સ્થિતિમાં છે જ નહિ, પાપ તો તારો માલિક જ કરી શકે. હું પાપ કરી શકું. તું ક્યાંથી કરે? તારી કુદરતી પાચનશક્તિની ક્ષમતાને અતિક્રમીને મેં તારા પર સતત બોજ નાખ્યા જ કર્યો, તે કૃત્યને હું પાપ ગણું છું. જિંદગીભર, રોજ ઓવર લોડિંગ' કરીને મેં તારે મોઢે ત્રાહિમામ પોકારાવ્યું છે! અને તે પણ રોજ એક જ વેળા નહિ, બેથી ત્રણ વેળા! અને આ મારો દુર્વ્યવહાર આજકાલનો નહિ, દાયકાઓ જૂનો છે. આ લાંબા ગાળામાં મે તને એક દિવસનો પણ વિશ્રામ આપ્યો નથી, એનો મને ખેદ છે.

તારી નાજુક છતાં મજબૂત દિવાલોને બાળી નાખે એટલો મરચાંવાળો ખોરાક મેં ખાધો છે. માંસાહાર કરીને , તેમજ શરાબ, તંબાકુ જેવા દાહક પદાર્થો મોંમાં નાખીને મેં તને અનેક વેળા પરેશાન કર્યો છે. તને એસિડનો સ્ત્રાવ કરવા મજબૂર કર્યો છે. પ્રમાણમાં નિર્દોષ કહેવાય એવી વાનગીઓ, દાળ, ભાત, કઢી, ખીચડીને પણ છેક વધુ પ્રમાણમાં આરોગીને મેં તારી પાચનક્રિયાને મંદ બનાવી છે.

મંદાગ્નિથી મુક્તિ માટે યજ્ઞ :

શાસ્ત્રોએ જઠરમાં અગ્નિ છે એમ કહયું છે. એ અગ્નિ તો યજ્ઞ માટે છે. એને પ્રજવલિત રાખવાનો છે. એ બુઝાઈ જાય એટલી હદે ખાઈપીને એને મંદ કરવાનો નથી. યજ્ઞ-હવનની કે પૂજાની વાત બાજુએ રાખી મેં ઉલટાનું તું કચરાપેટી હોય એવો વહેવાર તારી સાથે કર્યો છે. હું કોઈને જમવા બોલાવતી વેળા 'ચાલો પેટ પૂજા કરવા'. એમ મજાકમાં જ કહેવાય છે. સાચા અર્થમાં તારી પૂજા કોઈ કરતું નથી. ફક્ત તું જ નહિ. આખું શરીર પવિત્ર છે. એમ ઉપનિષદોએ, બાઈબલે અને કબીરદાસે પણ કહયું છે. શરીર ઈશ્વરનું મંદિર છે, પરંતુ મારા જેવા અબજો માનવીઓ એને કચરાકુડાનું 'ડંપિંગ ગ્રાઉન્ડ' ગણીને મોં વાટે, જે તે કહેવાતો ખોરાક, 'જંક ફુડ', શરીરના એક અગત્યનાં અવયવોમાં-યાને તુજમાં-પધરાવતા રહે છે. વચ્ચે, એક ચોકલેટ બનાવનાર કંપનીએ પોતાની જાહેરાતમાં ચોકલેટનાં પેકેટના ચિત્ર આગળ 'થોડી સી પેટ પૂજા' લખીને ગ્રાહકને લલચાવનારૂં આમંત્રણ છાપ્યું હતું. સાચા અર્થમાં પૂજા તો સત્વતત્વની, સત્તવતત્વથી કરાય. પેટમાં ચોકલેટ, ચેવડો નાખવાથી પૂજા નથી થતી.

**ઊણોદરી:**

કૃત્રિમ ભૂખ પેદા કરીને પણ માનવીએ તો બસ ખા-ખા કરતા રહેવું છે. જૈન ધર્મ જૈનોને જ નહિ, માનવમાત્રને ઊણોદરીનું વ્રત પાળવા અનુરોધ કર્યો છે. મુનિ મહારાજોએ ઊણોદરી વ્રતને અહિંસાવ્રતનું એક અંગ ગણ્યું છે. પણ શ્રાવકો એનો અમલ ક્યાં કરે છે.? એટલે જ શુદ્ધ શાકાહારી હોવા છતાં, અહિંસક કોમનાં ભાઈ-બહેનો પણ હૃદયરોગો અને કેન્સર સુદ્ધાં અનેક રોગથી પીડાય છે, જેનું એક કારણ ખાઉધરાપણું છે. ડૉ હોરેસ ફ્લેચર નામનો એક અંગ્રેજ તબીબ એક સરળ સૂચન આપી ગયો છે. જે પાળવામાં આવે તો આપમેળે અત્યાહારથી બચાય. એ કહેતો કે જે નક્કર ખોરાક ખાવ તે બત્રીસ વેળા ચાવીને ખાવ. ઘન ખોરાક પ્રવાહી બને પછી જ એને ગળા નીચે ઉતરવા દો. છાશ, ફળ-રસ, સૂપ વગેરે પ્રવાહી પીતા હોવ તો એને પણ થોડી માત્રામાં ચૂસીને પીઓ, અને થોડો સમય મોમાં જીભથી એને ફેરવી -ફેરવીને થૂંકનું અમી એની સાથે મળે પછી જ એને અન્નનળીમાં ઉતરવા દો. પેટ દેવ! તને કે આંતને દાંત હોતા નથી. જે ખોરાક બરાબર ચવાય નહિ, તે ખોરાક બરાબર પચે નહિ. એ સમજાય એવી વાત છે. બરાબર ચાવીને ધીરે ધીરે ખોરાક લેવાય તો, ઊણોદરી' આપમેળે પાળી શકાય. શાંતિથી ચાવી-ચાવીને ખાનાર વ્યક્તિ ખાઉધરો હોય જ નહિ. મિતાહારી જ હોય. પૂજ્ય પેટ! 'ખાધે-પીધે સુખી' હોવાને કારણે, તને દુ:ખી

કરનાર તારા માલિકો તારી અંદર જેટલો ખોરાક અહર્નિશ નાખતા રહે છે, તેનાથી અડધો જ આરોગે, તો એટલું કરવા માત્રથી જ, કદાચ એ નિરોગી થઈ જાય! કેટલાક તો એટલું બધું ઠાંસે છે, કે એનો એક-તૃતિયાંશ ભાગ, અને કેટલાક કિસ્સામાં તો એક-ચતુર્થાંશ યા ફક્ત એક-પંચમાંશ ભાગ પણ એ ખાઉધરાઓને પોષણ આપવા માટે પૂરતો થઈ પડે! ઘણાને રોજની પચ્ચીસ રોટીની નહિ, પાંચ રોટીની જ જરૂરીયાત હોય છે.

**જાત છેતરામણ :**

પેટોબા! તારા ઈતિહાસમાં નોંધાયેલું એક અગત્યનું નામ રાજા મહમંદ બેગડાનું છે, જે સૂતી વેળા પણ, પથારીની બન્ને બાજુ પકવાન કે મિષ્ટાનની સગવડ રાખતો, કે જેથી રાતે, અડધી ઊંઘમાં પણ, એ કાંઈ ને કાંઈ મોંમા મૂકી શકે! દિવસનાં ભરચક ભાણાં ઝાપટી જનાર મહમંદ, રાતે ઊંઘમાં કંઈ રીતે ખાઈ શકે. એ મારી તો કલ્પના બહારની વાત છે. પરંતુ રાતે જાગીને, ફ્રીજ ખોલીને આઈસ્ક્રીમ ખાનાર, મારા જ બે અમેરિકન મિત્રોને તો હું ઓળખું જ છું. એક દેશી બહેનને પણ ઓળખતો હતો. એ હતાં ડૉક્ટર, પરંતુ પોતેજ દર્દી ડાયાબિટીસનાં અને મેદવૃદ્ધિનાં! પહેલીવાર મને ક્લિનીકમાં મળ્યાં, ત્યારે મેં એમનું વજન કાંટા પર જોઈને નોંધ્યું અને એમનો સવારથી રાતનો ખોરાક બારીકાઈથી પૂછી, કેસ પેપર પર નોંધ્યો. પછી એમને તપાસ્યાં. એમની બ્લડ-સ્યુગર તપાસી, એમના બધા રિપોર્ટ વાંચ્યા. આહારમાં સુધારો સૂચવ્યો અને કસરતો સહેલાઈથી કરી શકે એવી શીખવાડી. દશ દિવસ પછી પાછાં બોલાવ્યાં. નિર્ધારીત દિવસે એ આવ્યો, ત્યારે એમનું વજન તપાસતાં લેશમાત્ર પણ ઘટાડો ન જણાયો. બ્લડ-સ્યુગર પણ લગભગ પહેલાં જેટલી જ જણાઈ. મારો અંદાજ હતો કે વજન ચાર કિલો તો ઘટશે જ, લોહીની સાકર ૨૮૦ પરથી ૨૦૦ પર તો આવશે જ પરંતુ, અફસોસ! ડૉક્ટર સાહેબાના કહેવા પ્રમાણે એમણે પથ્ય પાળવો જ હતો, અને વ્યાયામ પણ કર્યો જ હતો. ફાયદો કેમ ન થયો એની વિમાસણમાં મેં વધુ ઝીણવટથી પૂછતાછ કરી. મેં પૂછ્યું: 'ફરમાવેલાં ખાનપાન ઉપરાંત તમે સાચે જ જરા પણ, કશું પણ મોંમાં નાખ્યું જ નથી?' એમણે જવાબ આપ્યો. 'ના ભાઈ! હું એમ નથી કહેતી કે બીજું કાંઈ પણ મેં ખાધું જ નથી. મને રાતે ૨-૩ વાગ્યે ઊઠીને ખાખરા. ચેવડો, મીઠાઈ વગેરે જે કાંઈ બરણીઓમાં પડયું હોય તે ખાવાની આદત છે. પાછલા દશ દિવસમાં પણ આ બધું હું ખાતી જ હતી સાચું કહું તો દિવસ દરમિયાન તમે આપેલી ચરી પાળવાને કારણે રાતે તો મને વધારે ભૂખ લાગતી, ત્રણ રાત તો મેં બે વેળા ખાધેલું, એક વાગ્યે અને પાછું ત્રણ વાગ્યે', આ ગુનાહનો એકરાર સાંભળી, સખેદ આશ્ચર્યથી મેં એમને ઠપકાભાવે પૂછ્યું 'તેમને પહેલે દિવસે ખાનપાનનો તમારો ક્રમ પુછેલો ત્યારે તમે આ મધરાત્રિ નાસ્તાઓની વાત તો કરેલી જ નહિ! ખરું ને?' આ ડાકટરાણીએ જે ખંધું હસીને મને જવાબ આપ્યો તે આજે પચ્ચીસ વર્ષો પછી પણ હું ભૂલ્યો નથી! એમણે કહયું: 'ડૉક્ટર! તમે તો મને કહેલું કે સવારથી રાતનો તમારો આહાર-ક્રમ લખાવો. તમે ક્યાં રાતથી સવારનો આહાર પૂછ્યો હતો?' આ નફ્ફટ ઉત્તરથી હું સ્તબ્ધ થઈ, એમને જોતા જ રહી ગયો. મનમાં થયું, આટલી શિક્ષિત, પોતે ખૂદ ડાકટર, એવી બાઈને પોતાની ચાલાકી ભારે પડી રહી હતી એનો અહેસાસ નહિ થતો હોય? સાચે જ માનવી પોતાને છેતરવામાં ઉસ્તાદોનો ઉસ્તાદ હોય છે.

વંદનીય, સહનશીલ જઠર!માનવી તારા પર જે સીતમ કરે છે, તે તું શક્ય હોય ત્યાં સુધી મૂંગેમોઢે સહન કરી લે છે. ન છૂટકે જ તું કાંઈ બોલે છે, એ હું જાણું છું. ક્યારેક તારી દિવાલ સૂજી જાય છે. ક્યારેક નીચલે છેડે લાગેલી નાની આંતમાં પણ સોજો આવી જાય છે. ક્યારેક તું બળવો કરી વધારે ખવાયેલો આહાર વમન કરીને બહાર ફગાવી દે છે. 'મારાથી હવે સહન થતું નથી.' મને આરામ કરવા દો', એવું તું માનવ-સ્વામીને આ પ્રતિક્રિયા દ્વારા જણાવવા માગે છે. સ્વામી સમજદાર હોય તો આહારમાં જલદ પદાર્થો બંધ કરે છે, યા ઉપવાસ કરે છે. નાસમજ હોય તો એન્ટાસીડ' ટીકડી કે પ્રવાહી લઈને, કામચલાઉ તારી બોલતી બંધ કરીને, પોતાની મનગમતી વાનગીઓ ખાતો જ રહે છે. જીભ-લોલુપને 'જીતં સર્વ, જીતે રસેંદ્રિય'નો ખ્યાલ ક્યાંથી હોય? કેટલાક રસોઈના રસિયાઓ તો એવું મનાવવા પણ પ્રયત્ન કરે કે જુઓ! ભગવાન શ્રી કૃષ્ણનું એક નામ રસેશ્વર હતું જ ને! એમની જેમ આપણે પણ ખાઈપીને લહેર કરવાની છે!' એવા નાસમજને કોણ સમજાવે કે શ્રી કૃષ્ણ તો સમગ્ર

જીવનને ઉત્સવ બનાવવાની, ફક્ત જીભથી જ નહિ, બધી ઈન્દ્રિયોથી રસપાન કરવાની, વાત કરી ગયા. ખેલકૂદ નાચગાનની વાતો પણ એમણે કરી. આપણે વિચારવું એ છે કે એવો આનંદ-ઉલ્લાસ કરીને, સાચી ભૂખ પેદા કરીને પછી આપણે ભાણે બેસીએ છીએ કે શારીરિક શ્રમ વિના જ ખાઈએ છીએ! વળી શ્રી કૃષ્ણ તો પરમયોગી હતા, જેમણે મિતાહારની શીખ આપણને આપી, તે આપણે વિસરી જવાનું?

વિનોબાજી કહેતા કે પેટ અડધું ભરાય તેટલું જ ખાવ, થોડી જગ્યા પ્રવાહી ખોરાક માટે પણ રાખો, અને બાકી ખાલી છોડો. એમણે એમ પણ કહયું હતું કે ભોગી ખાઉધરો જ રહે તો રોગી થવાનો જ. અને રોગી, યોગીની જેમ મિતાહારી ન બને તો રોગી જ રહેવાનો. ડૉક્ટર એડવર્ડ પ્યુરીન્ટન કહી ગયા તે પણ વૈદકીય સત્ય છે કે ફક્ત આસ્વાદ માણવા જાત-જાતની વાનગીઓ ખાઈને આનંદ મેળવતા રહેવાની કુટેવોમાં ફસેલા રહેશો, તો જીભ પર અનુભવાતો આનંદ જઠરની પીડામાં પરિણમશે.

પેટ દેવ! આયુર્વેદ પણ તારી સ્વસ્થતાની દુહાઈ આપે છે, કહે છે : 'પેટ સાફ તો રોગ માફ'. નિસર્ગોપચાર પણ કહે છે કે માનવીનાં શરીરમાં રહેલી જીવનશક્તિનો ઘણો બધો ભાગ, વધુ પડતા ખોરાકના જથ્થાની જઠરમાંથી આંત તરફી હેરાફેરીમાં ખર્ચાઈ જાય છે. આ દુર્વ્યય અટકે, અને જીવનશક્તિનો સંચય થાય તો દરેક માનવી નવી, ચુસ્તીનો અનુભવ કરે. વળી જીવનશક્તિ જ એકમાત્ર રોગનિવારક શક્તિ હોવાને કારણે શરીરમાં ક્યાં પણ, કોઈપણ, રોગ હોય, તો તે આ જીવનશક્તિ કાર્યાન્વિત થવાથી દૂર થાય. દવાઓ ખાવા કે પીવાથી જે અકુદરતી પ્રતિક્રિયાઓ તારે કરવી પડે, તેમાંથી તારો છૂટકારો થાય. કેટલાય લાખો માનવશરીરમાં, ચોવીસે કલાક સતત કામ કરતું, ભાગ્યે જ આરામ મેળવતું અવયવ તું છે. હે જઠર દેવ! તારા પર દિન-પ્રતિદિન એટલો બોજ લદાતો રહે છે. કે ઘણા માનવીઓમાં તારી દિવાલો પોતાની જન્મજાત સ્થિતિસ્થાપકતા ગુમાવી દે છે. અને તું લચી પડે છે. નાભિરેખાની ઉપર રહેવાને બદલે તું સ્થાનભ્રષ્ટ થઈ પેટુમાં ઉતરી જાય છે. તારી સાથે તું આંતરડાના તારી સાથે જોડાયેલા ભાગને પણ પેડુમાં ખેંચી લાવે છે. મોટું આંતરડું આ તમારા બન્નેના બોજને કારણે ભીડ અનુભવે છે. એની જગ્યામાં તમે અતિક્રમણ કરો, પછી એણે ક્યાં જવું? આખું પાચનતંત્ર અને મળવિસર્જન તંત્ર શિથિલ બને, હડતાલ પર જાય, તો તારો સ્વામી માંદો પડેજને! ખાઉધરાનો ખોરાક એને માંદો પાડે, અને છેવટે એનાં મોતનું કારણ પણ બને! બનતાં સુધી માનવીએ તો અઠવાડિયે એક આખો દિવસ ઉપવાસ કરી તને વિશ્રામ આપવો જોઈએ.

સમૃદ્ધ દેશોના ડોકટરાનો મત છે. કે ભૂખમરાથી મરતાં લોકો કરતાં વધુ સંખ્યામાં, ખાઉધરા મરતા હોય છે. ફ્રેંચ ડૉકટરો કહે છે, કે અમારા દેશના લોકો કાંટા- ચમચાથી પોતાની ઘોર ખોદે છે. નેચરોપેથો કહે છે કે ખાઉધરા માણસો પોતાને નહિ, પોતાના ડૉકટરોને પોષણ આપતા હોય છે! આ ચિકિત્સકો એમ પણ કહે છે કે અકરાંતિયા-પણું એ શરીર પ્રત્યે હિંસા છે, અને સમાજ વિરૂદ્ધ ગુનેહગારી છે. આ બધાં વિધાનોમાં જરા સરખી પણ અત્યુક્તિ નથી.

### ગાંધી વિચાર

હે પૂજ્ય પેટ દેવ! 'જ્યોંકી ત્યોં ધરદીની ચદરીઆ' ગાનાર કબીરના કથનને પોતાના જીવનમાં અમલમાં મૂકનાર, આ સદીના એક મહાન આત્મા, ગાંધીબાપુના 'આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન' પુસ્તકમાંથી એમના છેક ૧૯૦૬માં લખાયેલા વિચારો તારે ચરણે સાદર રજૂ કરું છું. અને એ વિચારોમાંથી બોધ ગ્રહણ કરીને માનવસમાજ અલ્પાહારની કુટેવોમાંથી બહાર આવે એવી પ્રાર્થના કરું છું.

ગાંધીજી કહે છે :

'બે કરતાં વધારે વખત ખાવાની જરૂર યુવાવસ્થા પછી તો નથી જ. હંમેશ અલ્પ આહાર જ લો. અલ્પાહાર એટલે માપી, તોલીને, જાગૃતપણે, સમજપૂર્વક ખાધેલો ખોરાક..નીતિના વિષયમાં જૂઠાણાં ઉપર, ચોરી ઉપર, વ્યભિચાર ઉપર ઘણાં સરસ પુસ્તકો રચાયાં છે. પણ સ્વાદેન્દ્રિય જેને વશ નથી, તેની ઉપર પુસ્તકો નથી. તે નીતિ-અનીતિનો વિષય મનાયો જ નથી. આનું સબળ કારણ તો એ છે કે આપણે બધા, એક નાવમાં બેઠા છીએ. મહાન નરો પણ સ્વાદને તદન જીતી શક્યા જોવામાં આવતા નથી. એટલે સ્વાદ કરવો એમાં દોષ જોવાયો જ નથી. આપણે બધા સ્વાદેન્દ્રિયના

ગુલામ હોવાથી તે ગુલામીને ગણકારતા નથી. લગ્ન પ્રસંગે જ નહિ, મરણોત્તર પણ જમણવારનું આયોજન કેટલાક કરતા હોય છે. નોતરેલાને દાબીને ન ખવડાવીએ તો આપણે કંજૂસ ગણાઈએ..રજા પડી તો ખાવાનું સરસ કરવું જ જોઈએ. રવિવાર આવ્યો તો આપણને આફરો ચડે તેટલું ખાવાની છૂટ છે એમ માનીએ છીએ. આમ જે મહાદોષ છે, તેને આપણે મહાવિવેક ઠરાવી પાડ્યો છે. પરોણા આવ્યા એટલે તેની અને આપણી કમબખ્તી!..પરોણાને ખૂબ જમાડી તેને ત્યાં ખૂબ જમવાની આશા રાખીએ છીએ. આપણે હરગીજ વધુ ન ખાવું જોઈએ. ભૂલથી વધુ ખવાઈ જાય, તેના કરતાં ઓછું ખાવાની ભૂલ થઈ જાય તો થવા દેજો. આપણું પેટ આપણું પાયખાનું બન્યું છે, અને આપણે આપણી પાયખાનાની પેટી સાથે રાખીને ફરીએ છીએ. આપણા આહારનું પ્રમાણ ઘટાડવાની, તથા ભોજનની ટંકો ઓછી કરવાની જરૂર છે. મિતાહારી બનવું જરૂરી છે.

ગાંધીબાપુ જેવા સ્પષ્ટ વક્તા જ આવી કડવી છતાં, સત્ય વાતો નીડરતાથી કહી શકે.

પેટેશ્વર મહારાજ! તને હું વંદુ છું. તું છે તો હું છું. તું છે તો મારા શરીરમાં રક્ત બને છે. તું છે તો હૃદયનો પમ્પ કામ કરે છે. રક્ત વિના તો શરીરનો કોઈ પણ કોષ, પછી તે હાડકાંનો હોય, સ્નાયુનો હોય, મગજનો કે જ્ઞાનતંતુનો હોય, કે હૃદયનો જ હોય, પોષણ ન મેળવી શકે. અને રક્ત બને તારી અંદર થતી ચયાપચયની પ્રક્રિયાઓને કારણે. મારા વિચારો વાણી અને વર્તન, ત્રણેયે તું પોષે છે. ધંધાકીય સફળતા હોય કે સામાજિક પદ પ્રતિષ્ઠા, બધું જ તારી મદદથી મને મળ્યું છે. તને કોટિ વંદન કરું છું. પ્રભુ પેટ ! અને તારી પર કોઈ અત્યાચાર હું હવે કદી ન કરું એવું વચન આપું છું. હું સાચી ભૂખે જ ખાવાનું, ભૂખ ન હોય તો ન ખાવાનું અને મિતાહારી બનવાનું તમે વચન આપું છું. 'ભૂખ' શબ્દનો સાચો અર્થ મને સમજાઈ ગયો છે. 'ભૂ' એટલે ભૂમિમાંથી મળતો પદાર્થ જ હું આરોગીશ, અને 'ખ' એટલે અવકાશ, જે પેટમાં જળવાય તેનો ખ્યાલ રાખીને જ હું ખાઈશ.

જય જઠર...! જય પેટોબા...!!

***'સંકલન', રાયવુડ લોણાવલા***

# આત્મિય શ્રધ્ધાંજલી

**જીવન યાત્રા**
**૧૬.૪.૧૩૯૨**



**અનંત યાત્રા**
**૧૫.૮.૨૦૦૮**

**સ્વ. શ્રી નવનીતલાલ સાંકરલાલ ધારીયા**

**પ્રમુખશ્રી બાલાસિનોર કેળવણી મંડળ, મુંબઈ**

સત્કાર્યો આપની શોભા રહી, સજ્જનતા આપની સુવાસ,
પ્રસન્ના આપનું જીવન હતુ, પરોપકાર આપની ઓળખ,
વ્યવહાર કદી ચુક્યા નહિં, ને ધર્મ કદી ભુલ્યા નહિ.

કેળવણી ક્ષેત્રે આપની અમૂલ્ય સેવાઓ અને દીર્ઘદ્રષ્ટિથી
શ્રી બાલાસિનોર કેળવણી મંડળ અને તેની સંસ્થાઓના
નિર્માણ, સ્થાપના અને સંચાલનમાં આપનો
ઉદાત્તફાળો-સહકાર અને પરિશ્રમ હંમેશા યાદ રહેશે.

**સદગતના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ હૃદયની પ્રાર્થના....**
**શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત શાળા પરિવાર**

**શ્રી પી. વી. વિદ્યાલય, બાલાસિનોર**
**શ્રી ઓ. શેઠ હાઈસ્કુલ, બાલાસિનોર**
**શ્રી જે.વ. દેસાઈ ઉ.પ્રા. શાળા, બાલાસિનોર**
**શ્રી કમળા બાલમંદિર, બાલાસિનોર**

# SHREE BALASINOR NAVYUVAK SANGH ORGANISE JANSATHI TROPHY CRICKET TOURNAMENT YEAR 2008-09

**The following are the six teams for the BALASINOR NAVYUVAK SANGH JANSATHI TROPHY year 2008 – 2009.**

THE CRICKETING YEAR 2008-2009 JANSATHI TROPHY IS STARTING FROM 2ND WEEK OF OCTOBER 2008 AT WILSON COLLEGE GYMKHANA MARINE DRIVE, MUMBAI. AS PER EVERY YEAR WE ARE GOING TO FELICIATATE OUR TWO GROUP LEADERS WHO ARE THE SENIOR PLAYERS OF OUR COMMUNITY.

**GROUP [A] :**
**SHRI SAMIR. RAMESHCHANDRA. DESAI [MANPURAWALA]**
**(શ્રી સમીર રમેશચંદ્ર દેસાઈ - મેનપુરવાળા ગ્રુપ)**

TEAM A - 1. JIGAR PARIKH
TEAM A - 2. NIHAR KADAKIA
TEAM A - 3. NIRAV DESAI

**GROUP [B] : SHRI SANDEEP. KIRTANLAL. DHARIA [ANYADWALA]**
**(શ્રી સંદીપ કીરતનલાલ ધારીઆ - અણીયાદવાળા ગ્રુપ)**

TEAM B - 1. CHIRAG DESAI
TEAM B - 2. KINJAL PARIKH
TEAM B - 3. RIPAL PARIKH

**GROUP "A" NAME: SHRI SAMIR. RAMESHCHANDRA DESAI [MANPURAWALA]**
SHREE BALASINOR NAVYUVAK SANGH JANSATHI TROPHY FOR THE YEAR 2008-09.

**A-1 - NAME OF THE PLAYERS:**
JIGAR PARIKH [CAP]
CHIRAG DHARIA [WK]
SAMEER DESAI
SUKETU PARIKH
NIREN DHARIA
PRITESH THAKKAR
SACHIN PARIKH
PIYUSH PARIKH
MITUL PARIKH
CHIRAG DESAI
DARSHAN PARIKH
NIRMAY SHAH
SUKESH MODY
SANDEEP PARIKH
VIVEK GUPTA
VICKY GANDHI
RAHIL MODY
KUNAL PARIKH

**A-2 - NAME OF THE PLAYERS:**
NIHAR KADAKIA [CAP]
VAISHALYA GANDHI [WK]
APURVA DHARIA
RITESH KADAKIA
SAURIN PARIKH
ANAND SHROFF
DHRAV PARIKH
CHIRAG SHAH
MITEN PARIKH
GOPAL SETH
PARTH KADAKIA
HITESH SHAH
RIPAL DESAI
ARCHIES MODY
SAMIT PARIKH
SAUMIL ENGINEER
ASHISH SHAH
BIPIN GANDHI [KAKA]

NIRAV DESAI [CAP]
CHIRAG PARIKH [WK]
SHAMIK SHAH
DEVANG PARIKH
DAISHIK DESAI
SAMIR DESAI [CK]
RUCHIT DOSHI
SANJEEV DHARIA
NITIN GANDHI
AMIT KADAKIA [FAFO]
RIKIN DESAI
PARESH PARIKH
RONAK DESAI
MAULIT TOLAT
KASHYAP DESAI
JAY PARIKH
JIMISH DESAI
JIMISH KADAKIA

**GROUP "B" NAME: SHRI SANDEEP. KIRTANLAL. DHARIA [ANYADWALA]**

SHREE BALASINOR NAVYUVAK SANGH
JANSATHI TROPHY FOR THE YEAR 2008-09.

**B-1 - NAME OF THE PLAYERS :**

CHIRAG DESAI [C & WK]
SHITEN KADAKIA
RIKIT MODY
NILESH KADAKIA
KUNAL DHARIA
TUSHAR DHARIA
JATIN DESAI
RUPIN KADAKIA
HARDIK MODY
PARAG SHAH
RAHIL KADAKIA
KETAN KADAKIA
PRASHANT MEHTA
SAUMIL SHAH
YATIN DESAI
DARSHIT MODY
ARPIT DHARIA
ASHOK DHARIA

**B-2 - NAME OF THE PLAYERS :**

KINJAL PARIKH [C & WK]
SANDEEP DHARIA
ASHWIN
ANISH DOSHI
NITIN PARIKH
CHINTAK PARIKH
APURVA MODY
UTSAV MODY
SACHIT PARIKH
RAJU PARIKH
ROHAN DHARIA
MITESH DHARIA
ANKIT KADAKIA
MITUL DOSHI
NIRAV KACHERIA
ANISH SHAH
CHIRAG KADAKIA
SAMEER DHARIA

**B-3 - NAME OF THE PLAYERS :**

RIPAL PARIKH [C]
RUPESH MODY [WK]
DEEPAN MODY
CHETAN KADAKIA
SANJAY MODY
SANKET MODY
ALKESH KADAKIA
VYOMESH SHAH
KARAN PARIKH
SAMIR MODY
MIHIR KADAKIA
PRAFUL DHARIA
JAY DOSHI
ALPESH PARIKH
JASMIN SETH
SATISH LAKDAWALA
DHAVAL
ANKIT SHAH

**P.S.— SIX TEAMS HAVE BEEN DIVIDE INTO TWO GROUPS.**

TWO TEAMS WITH MAXIMUM POINTS WILL MOVE INTO THE SEMI FINALS.

IN CASE OF A TIE ON POINTS BETWEEN THE THREE TEAMS OF SAME GROUP, THE TWO TEAMS WITH BETTER RUN RATE WILL MOVE INTO THE SEMI FINALS.

FROM THIS YEAR THERE WILL BE A TROPHY FOR MAN OF THE MATCH TO BE GIVEN IN EVERY MATCH INCLUDING THE FINAL. THIS IS IN ADDITION TO THE REGULAR TROPHY GIVEN EVERY YEAR FOR THE FOLLOWING —>

(1) BEST BATSMAN OF THE TOURNAMENT,
(2) BEST BOWLER OF THE TOURNAMENT,
(3) MAN OF THE SERIES.

**Please note the following Rules & Regulations**

(1) Necessary steps will be taken by the conveyour, against palyers not coming for both the round matches in their respective teams.
(2) The time duration for any player to leave the ground in between the match will be for 2 hours only, after which he will not be permitted to continue playing the match irrespective of any understanding between the two captains.
(3) It's Captains duty to see his every team member does not leave the ground till the prize distribution is done for the "MAN OF THE MATCH" to be declared at the end.
(4) Any action for misbehaviour of the player during or after the match will be taken by the committee only receiving a written complaint.
(5) All the rights to take any strict steps against any player participating in the tournament is reserved with the committee & every player will have to abide by the rules & regulations in an appropriate manner.
(6) The committee expects every player to play the tournament in the right spirit & set an example for others.

***- KINJAL P PARIKH - CONVENYOR (9820815584)***

# મુકતકો:-

સત્કર્મની સુવાસ જગમાં ચોતરફ ફેલાવી ગયો,
ભિંજાય ભિતરનો માંહ્યલો, તેવું જીવન જીવી ગયો,
હસમુખો ચહેરો સદાને પાપ-નિંદા લેશના,
સંસારી સંબંધો ત્યજી સૌ. ઈશ ચરણે જઈ ઢળ્યો.

હર દમ છુપાઈ ઉભું છે, મૃત્યુ જીવ લેવાને કાજ
કઈ ઘડી થાશે મહેરબાં, તેનો જીવને ના ખયાલ,
સ્વાસ્થ્ય જાળવવાને નિજનું, નિકળ્યો તો જીવ જે,
બાજ નજરે ત્રાટકીને, લઈ ગયુ તેને શ્રીજી પાસ

મૃત્યુ પછી મરનારનો મોબાઈલ જો આવી શકે,
નિજના વાવડ દઈ શકેને, ખબર અંતર પુછી શકે,
વૈધવ્ય પણ પ્રોષિત ભર્તૃકા સરીખુ વેઠી શકાય
આશા અમર છે એ ખયાલે, જીવતર જીવી જવાય.

માનવીની જીંદગી એક સાપસીડીની છે રમત,
ઘડીકમાં નવ્વાણુ પર તો, ઘડીકમાં નવની ઉપર,
સત્કમોર્થી સીડી ચડે, પટકાય ભોય દુષ્કર્મો થકી,
ઘડીકમાં મલકાઈ ઉઠે ને, ઘડીકમાં તે શોકગ્રસ્ત

સાફલ્યને વૈફલ્યમાહે ઈશ ઈચ્છા હોય છે,
હાર કે જીતના આ જંગમાં, તેની મરજી હોય છે,
પાંદડુ ફરકે નહિ એક તેની ઈચ્છા વિણ છતા,
માનવી નાહક થઈ મગરૂર જગમાં વિચરે.

હોમીને ધૃત અગ્નિમાંહે, શાંત ને કરી શકાયના,
ભોગવી ભોગોને સુખ, સંતોષ, શાંતિ પમાયના
હોય અગ્નિ શાંત કરવો તો શિતળ વારિ છાંટીયે,
પામવા હોય સુખને શાંતિતો ભોગો ત્યજવા જોઈએ.

***- સતીષ પરીખ (રોકડીયા)***

# ૫૭મા વાર્ષિક રસોત્સવના મુખ્ય મહેમાન શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મોદી/શાહ નો પરિચય



**શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મોદી**

શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મોદી/ શાહ, મુળ અટક મોદી પણ મ્યુનિસિપલ સ્કુલમાં શાહ લખાવેલી ત્યારથી આ અટક લખવાનું થયું. પિતાજીએ અમદાવાદમાં ચ્હાનો ધંધો કર્યો હતો તેના પ્રોપ્રાઈટર તરીકે નવીનચંદ્ર ચીમનલાલ શાહ રાખ્યું હતું તે હિસાબે શાહ અટક પડી હતી. આવા બે અટક ધારી નવીનચંદ્રનો જન્મ બાલાસિનોરમાં થયો હતો. અમદાવાદ બાલાસિનોર કલકતા તથા વડોદરા એમ વિવિધ શહેરોમાં અભ્યાસ કર્યો. નાનપણમાં માતાની બીમારી વખતે આઠ વર્ષની ઉંમરે મામા કાંતિલાલ સાંકરલાલ મહેતા તથા રમણલાલ સાંકરલાલ મહેતા(લેડી) કલકત્તા લઈ ગયા અને આગળ અભ્યાસ ત્યાં શરૂ થયો અને મામાએ બધીજ જવાબદારી લઈ અભ્યાસ મેટ્રીક સુધીનો પૂરો કરાવી તેમની સાથે ૧૯૪૫માં તમાકુના ધંધામાં ભાગીદાર તરીકે લઈ લીધાં. તેમની રાહબરી-માર્ગદર્શન-ટ્રેનીંગથી ધંધામાં વિકાસ અને ૩૫ વર્ષ સુધી સાથે રહ્યા પછી પ્રેમથી તેમના આર્શીવાદથી જુદા થઈ ૧૯૭૯માં સ્વતંત્ર ધંધો નાનાભાઈ નિરંજનભાઈ મોદી સાથે શરૂ કર્યો, ધંધો મેનપુરા, કલકત્તા, પુરૂલીયા આ બધી જગ્યાએ ઓફીસ ફેકટરી કરી શરૂ કર્યો અને ઈશ્વકૃપા તથા માતા-પિતાના આર્શીવાદથી ધંધામાં સફળતા મળતી ગઈ અને તમાકુના ધંધામાં સારા વેપારી તરીકે ગણના થઈ.

ધંધાની શરૂઆતમાં પ્રામાણીકતા, નિતીમત્તા, ગ્રાહકના સંતોષ આ બધા સિદ્ધાંતો જીવનમાં વણેલા હતા. તેનો અમલ પણ આજ દિન સુધી ચાલુ રાખેલ છે અને ગ્રાહકોમાં એ વિશ્વાસ દ્રઢ થયેલ છે. મામાથી જુદા થયા ત્યારે સારા કામમાં ઉપાર્જન કરેલી લક્ષ્મીનો સદઉપયોગ થાય તે માટે ચાર ટ્રસ્ટો ઉભા કર્યા હતા. માતા-પીતા અને અમારા બન્ને ભાઈઓના નામે જેમાં દર વર્ષે રકમ નાખી ટ્રસ્ટમાં સારી એવી રકમ ભેગી કરી. દર વર્ષે તેમાંથી મેડીકલ, એજ્યુકેશન, ધાર્મીક અને સમાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલી સંસ્થામાં યથાયોગ્ય શક્તિ અનુસાર યોગદાન આપવાનું શક્ય બન્યું.

૧૯૪૭માં આઝાદીના વર્ષોમાં સુભદ્રા બેન, નટવરલાલ ચંદુલાલ પરીખ(વોરા)ની બહેન સાથે વિવાહ થયો. ૧૯૫૧માં લગ્ન થયા. પત્ની સાચા અર્થમાં જીવન સંગીની બની રહી. અને ભાગ્યદાતા પણ અને આર્દશ ગૃહિણી જીવનભર બની રહી. અને બધાને પોતાના પ્રેમાળ, હુફાળા, નિરાભિમાન સ્વભાવથી જીવનભર બધાના હૃદયમાં પ્રેમભર્યુ સ્થાન મેળવ્યું. આતિથ્ય એનું જેણે માણ્યું હોય તે જીવનભર યાદ કરે એટલી મહેમાનગતી પ્રેમાળ હતા.

લગ્ન પછી દર વર્ષે અનુકુળતા પ્રમાણે ભારતના બધા સ્થળો જેવાકે ઉત્તર-દક્ષીણ, પૂર્વ-પશ્ચિમના બધા તીર્થ સ્થળો, હીમાલયથી કન્યાકુમારી, જગન્નાથપુરીથી દ્વારીકા સુધીના પ્રવાસના બધા સ્ટેશનો મનભરીને માણ્યા અને ઈશ્વરની સૃષ્ટીનો આનંદ લીધો. વિદેશ પ્રવાસ પણ દુનિયા આખીનો લગભગ પ્રવાસ કરી ચુક્યા છે.

૨૦૦૫માં ચીનના પ્રવાસથી પત્નીની તબીયતમાં અસ્વથતા જણાઈ. પાછા આવતા અને ઓગષ્ટ માસના અંતમાં બધાના વશ થઈ ટ્રીટમેન્ટ શરૂ

કરાવી તો કેન્સર છેલ્લા સ્ટેજનું જાણવા મળ્યું અને ડૉકટરોએ ત્રણ મહિનાની મુદત આપી અને જાન્યુઆરી ૫-૦૬ ૭૩ વર્ષની ઉંમરે સાથ છોડી ઈશ્વરે પોતાના ધામમાં એ જીવાત્માને બોલાવી લીધો. એ બીમાર હતી ત્યારે જ મનોમંથન શરૂ થઈ ચુક્યું હતું. અને જીવનના ભોગો બધા છોડવા તેઓએ નિશ્ચય કર્યો હતો અને તેના ગયા પછી સાદા જીવનનો રાહ અપનાવ્યો અને તેજ વખતે તેની પાછળ બાકીના વર્ષો તેની યાદગીરી માટે જે બને તે કરવા મનમાં સંકલ્પ કર્યો અને તેના માટેની પ્રવૃત્તી શરૂ કરી અને જીવનકાળ દરમ્યાન વિવિધ સંસ્થાઓમાં યથાશક્તિ યોગદાન અપાતું હતું. પણ એ પછી સારી એવી રકમ માનવ સેવાના કામમાં વાપરવા નિર્ધાર થયો અને બાલાસિનોરમાં પ્રવૃત્તી કરવા સર્વે કરતાં અનુકુળતા ઓછી દેખાઈ એટલે ખેડા જીલ્લો એ પણ માતૃભૂમીનું સ્થળ ગણાય અને નડીયાદમાં મહાગુજરાત મેડીકલ સોસાયટીમાં નર્સીંગ કોર્સની બાલાસિનોરમાં કોલેજ શરૂ કરવા તેમની સલાહ માટે ગયા હતા આપણી હોસ્પીટલમાં યોગ્ય અનુકુળતા ના દેખાઈ અને માનનીય દિનસાભાઈ પટેલ જે M.P છે. અને રાજ્યકક્ષાના પેટ્રોલીયમ મંત્રી અને ગેસના તેમને મળવાનું થયું તે મહાગુજરાત સોસાયટીના પ્રમુખ છે તેમની સાથેની વાતચીતમાં ખેડા જીલ્લામાં કેન્સર હોસ્પીટલની જરૂરીયાત (એકપણ હોસ્પીટલ હાલ નથી) જણાઈ અને દર્દીઓને અમદાવાદ સુધી મોકલવા પડે છે તો તેમનું સુચન હતું કે કોઈ દાતા મળે તો આ કાર્ય કરવા ઈચ્છા છે અને અઠવાડિયામાં ફરી અનુકુળતાએ મળ્યા તેમની કમીટીના ટ્રસ્ટીઓ સાથે મીટીંગ કરી અને ૧ કરોડ ૫૧ લાખ રૂપિયાના ડોનેશનથી કેન્સર હોસ્પીટલ ચાલુ કરવાની વાતચીત ફાઈનલ થઈ અને સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ કેન્સર હોસ્પીટલ એન્ડ રીર્સચ સેન્ટરનું ખાતમુરત ૧૯.૪.૦૭ના રોજ મહાગુજરાત મેડીકલ સોસાયટી, નડીયાદ ખાતે કરવામાં આવ્યું.

આ સિવાય બાલાસીનોરમાં સોમનાથ મહાદેવ તથા કલકત્તાવાળાની ધર્મશાળા થઈ વિરપુર રોડ સુધી જે રોડ ગયો છે તેના નવીનીકરણની સરકારની ૧૨ લાખ રૂપિયાની યોજના હતી તેમાં લોક ફાળા તરીકે ૫ લાખ રૂપિયા આપી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ માર્ગ માટે પણ ગામમાં સુંદર માર્ગ થાય તેના માટેની પ્રવૃત્તિમાં યોગદાન કર્યુ છે. આ સીવાય બાલાસિનોરની પ્રગતિ સમાજમાં ૨૫ લાખ K.M.G. હોસ્પીટલ જ્યાં પ્રમુખ તરીકે સેવા આપી ત્યાં ૧૦ લાખ અને વાડાસિનોરની બધી સંસ્થાઓમાં સેવાકાર્ય માટે યથા યોગ્ય રકમની ફાળવણી વળતે વખતે કરી છે. આ સિવાય કેદાર મહાદેવ અને અતિથિ ગૃહ માટે પણ સેવા ચાલુ છે. આ સિવાય મેનપુરા શારદા મંદિર હાઈસ્કુલમાં હમણાં ગુરૂપૂર્ણીમાંના દિવસે ગામડાના બાળકોને સ્કુલમાંથી લાવવા લઈ જવા તથા ૫ લાખ ૩૭ હજાર આપી સ્કુલ બસ પત્નીના નામે આપી છે. આ સીવાય સેવાના વિવિધ ક્ષેત્રે કામ ઈચ્છા પ્રેરણા મુજબ ચાલુ છે. તેઓ માને છે કે આ બધા કામમાં ઈશ્વર નિમીતજ છું અને ઈશ્વરકૃપા અને સમાજના સર્વે મિત્રો, વડીલો, સ્નેહીજનો સર્વેનો પ્રેમ આર્શીવાદજ આ બધા કામ માટે મને પ્રેરણા આપે છે.

આવા ઉમદા મુખ્ય મહેમાન મળ્યા બદલ સંઘ ગૌરવ અનુભવે છે.

---

## પાના

લાલ કાળી ફુલ્લી ચોકટ, જગને જીતવા આવ્યા.
દુનીયાની રંગીન રાતોમાં, માન બઢાવી આવ્યા.
રાજા રાણી એક્કામાં તો, સૌને રે લુટાવ્યા.
નાના મોટા સૌને વ્હાલા, ફુલ્યાના સમાતા.
હાર જીતની બાજીમાં, જીવન તો ગુમાવ્યા.
પાના સાથે મોહી પડયા, પાના માટે રોઈ પડયા.

*- સરલાબેન દેસાઈ (દેડકી)*

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ૪૦મી વાર્ષિક સામાન્ય સભા, અવસર હોલ, નાનાચોક ખાતે તા. ૧૪ જૂલાઈ, ૨૦૦૮ના રોજ સંસ્થાના પ્રમુખશ્રી યોગેશભાઈ ધારીઆના પ્રમુખપદે યોજાઈ હતી.

**કાર્યવાહીના એજન્ડાં નં૧ :–** મુજબ સહુ પ્રથમ સંસ્થાના મંત્રી શ્રીનીતિનભાઈ ગાંધીએ ૩૯મી વાર્ષિક સામાન્ય સભાની મીનીટ્સ વાંચી હતી.

**એજેન્ડા નં૨ :-** મુજબ વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટે આવેલો મેનેજીંગ કમીટીનો અહેવાલ સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યો હતો.

**એજેન્ડાં નં ૩ :-** મુજબ સમાજના તેમજ સમાજ સંચાલિત ટ્રસ્ટોનો વાર્ષિક અહેવાલ, તેમજ આવક-જાવકનો હિસાબ, સરવૈયા સહિત ખજાનચી શ્રી નિમિષભાઈ કડકીઆએ રજૂ કર્યા હતા, જે સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યા હતા.

**એજેન્ડા નં ૪ :-** મુંજબ વર્ષ ૨૦૦૮-૦૯ માટે ઓડીટર્સ તરીકે મે.પી.એમ ધારીઆ એન્ડ કાું ની નીમણૂંક કરવામાં આવી હતી.

**એજેન્ડા નં-૫ :-**ચૂંટણી અધ્યક્ષ શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (લટકારી) દ્વારા આવેલ ચૂંટણીનો અહેવાલ વાંચવામાં આવ્યો હતો. અને ચૂંટાયેલા પાંચ બીનહરીફ સભ્યોના નામ ઘોષિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૮-૨૦૧૧ માટે ચૂંટાયેલા પાંચ સભ્યોના નામ આ મુજબ છે. ૧, શ્રી ભદ્રેશભાઈ બી. ધારીઆ, શ્રી રાજેન્દ્રભાઈ કે. દેસાઈ, શ્રી મિનીષભાઈ બી. કડકીઆ, શ્રી રાજુલભાઈ એમ, પરીખ, શ્રી સૌમિલ જે. મોદી.

અંતમાં સંસ્થાના પ્રમુખ શ્રી યોગેશભાઈ ધારીઆએ, પ્રમુખસ્થાનેથી એમનું વકતવ્ય રજૂ કર્યું હતું. જેનો ટૂંકસાર નીચે મુજબ છે.

જય જય શ્રી ગોકુલેશના અભિવાદન સાથે, એમણે સહુ પ્રથમ પ્રગતિ સમાજના સભ્યોનો તેમજ કમિટીના સભ્યોનો આભાર માન્યો હતો, કે એમનામાં વિશ્વાસ મૂકીને એમને પ્રમુખપદે નીમ્યા. વધુ ને વધુ યુવાનો સમાજસેવાનો માર્ગ અપનાવે એ આશયથી એમણે સુંદર દૃષ્ટાંત આપતા જણાવ્યું કે સામાજિક કાર્યકર ૩ પ્રકારના હોય છે. એક, કે જેઓ સમાજસેવા માટે પોતાના કિમતી સમય તથા શક્તિનો ભોગ આપે છે. બીજા એવા પ્રકારના કાર્યકરો હોય છે. જેઓ સમાજસેવાના ઉમદા હેતુ માટે યથાશક્તિ દ્રવ્યની સહાય કરે છે. જ્યારે ત્રીજા પ્રકારના એવા કાર્યકરો હોય છે. જેઓ પોતાના કિમતી સમય તથા શક્તિનો તો ભોગ આપે જ છે, પરંતુ સાથે સાથે, પોતાની શક્તિની મર્યાદામાં રહીને દ્રવ્યની સહાય પણ કરે છે. કોઈ એક કાર્યકર ૩૦ કે ૩૫ વર્ષની યુવાન વયે સમાજસેવાના ક્ષેત્રમાં પદાર્પણ કરે, તે લગભગ ૫૦ વર્ષના થાય, ત્યાં સુધીમાં માનસિક રીતે સંપૂર્ણપણે પરિપકવ થાય, વિવિધ અનુભવ મેળવે, અને સમાજસેવાને અર્થે પોતાના ઉત્તમ, મૌલિક વિચારો રજૂ કરે, અમલમાં મૂકે અને સમાજને નવા ધ્યેય સિદ્ધ કરવામાં સહાય કરે. પરંતુ ૫૦ વર્ષની વયે, જે વ્યક્તિ સમાજસેવાના કાર્યમાં પદાર્પણ કરે, એમની પાસે અનુભવનું ભાથુ શૂન્ય હોય છે. અને તેથી એ કદાચ પોતાના મૌલિક વિચારો રજૂ નથી કરી શકતા. માટે યુવાનો આગળ આવે અને સમાજની વિવિધ સંસ્થાઓમાંથી કોઈપણ એક સંસ્થામાં આગળ આવીને પોતાની અમૂલ્ય સેવાઓ આપે.

ગત વર્ષમાં નવી વિવિધ સ્કીમોની રજૂઆત થઈ, અને મેનેજીંગ કમીટીના સભ્યોના ઉત્તમ સાથ અને સહકારથી અમલમાં પણ મૂકાઈ, એ બદલ એમણે મેનેજીંગ કમીટીના સભ્યોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

૧) સમાજના મીટીંગ હોલના નામકરણ અંગે રૂા. ૨૧ લાખની ટહેલ હતી, જેની સામે રૂા. ૨૫ લાખનું માતબર દાન ઉદારદિલ દાતા શ્રી નવીનચંદ્ર સી. શાહ (કોલકત્તાવાળા) તરફથી એમના ધર્મપત્ની શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહની સ્મૃતિમાં પ્રાપ્ત થયું (૨) મીટીંગ હોલની નામકરણ વિધિ પ.ભ.શ્રી ૧૦૮ શ્રી ગોસ્વામી શ્રી નિકુંજલતાબેટીજી મહોદયાના આર્શીવચનથી થઈ. ત્યારબાદ પ્રમુખશ્રીએ ઉપરોક્ત પ્રસંગ સમયે હાજર રહેલા સભ્યો સમક્ષ બીજી અગત્યની સ્કીમની જાહેરાત કરીને દાનની ગંગા માટે ટહેલ નાખી હતી. એના પ્રતિભાવોરૂપે શ્રી કિરીટભાઈ કડકીઆ (ફાડીયા) એ સહર્ષ રૂા ૧૧ લાખનું માતબર દાન આપવાની ઈચ્છા પ્રદર્શિત કરી. જે તેમણે પછીથી વધારી રૂા, ૧૫ લાખનું દાન સમાજના કાર્યાલયને તેમના ધમપત્ની શ્રીમતી લીલાબેન કિરીટભાઈ કડકીઆ (ફડીયા) સ્મૃતિમાં આપવાની સંમતિ આપી હતી. પ્રમુખશ્રી એ તેમનો આભાર માન્યો હતો. (૩) શ્રી સુરેન્દ્રભાઈ પરીખનો જાહેરમાં આભાર માનતા શ્રી પ્રમુખે કહયું કે મને જીવનમાં સૌ પ્રથમ બ્રેક તેમણે આપ્યો હતો.મે જ્યારે તેમને શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટની સ્કીમ માટે સંપર્ક કર્યો હતો, ત્યારે એમણે રૂા. ૧૧ લાખ, દાન આપવા સંમતિ આપી હતી. ત્યારબાદ શ્રી જીતુભાઈ શાહ (કોચીનવાળા)નો પણ પ્રમુખશ્રીએ જાહેરમાં આભાર માન્યો હતો. શ્રી જીતુભાઈએ પ્રમુખશ્રીને અગાઉ રૂા. ૧૧ લાખ લાખનું ઉમદા દાન સમાજની એક સ્કીમમાં આપવાની જાહેરાત કરી હતી. યોજના માટે .

પ્રમુખશ્રીએ શ્રી (પી.પી.કાકા) પ્રવીણચંદ્ર પુનમચંદ કડકીઆનો પણ જાહેરમાં આભાર માન્યો હતો. જેમણે આર્થિક રાહત યોજનાના નામકરણ માટે રૂા. ૧૨.૫૧ લાખનું માતબર દાન જાહેર કર્યું હતું. અને આર્થિક રાહત યોજનાનું નામ હવે ગીરીપૂજા, કોકીલા પ્રવીણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)...રહેશે તેમણે શ્રીમતી કલ્પનાબેન અરવિંદભાઈ પરીખ (કુણીવાલા) નો પણ ઓવરસીઝ મેડીકલેઈમ યોજના માટે રૂા. ૨.૫૦ લાખનું ઉમદા દાન આપવા બદલ આભાર માન્યો હતો.

મંચ ઉપરથી પ્રમુખશ્રીએ સહુ ઉદારદિલ દાતાઓનો ખૂબ ખૂબ આભાર માનયો હતો. અને કમીટીના સભ્યોને આ દાનગંગાના પ્રવાહને યોગ્ય માર્ગે સીંચવા માટે કટિબધ્ધ થવા જણાવ્યું, જેથી આ ઉત્તમ દાનનો યોગ્ય ઉપયોગ થઈ શકે. આર્થિક રાહતમાં પણ આ વર્ષે સ્લેબમાં સુધારો કરવામાં આવ્યો હતો, જેથી સમાજના જરૂરિયાતવાળા પરિવારને વધુ સહાયરૂપ થઈ શકાય. આર્થિક સહાય લેનારા પરિવારમાં બેરોજગાર સભ્યોને રોજગારીની તક પૂરી પાડવાની નવી સ્કીમની જાહેરાત કરતાં જણાવ્યું કે આ રીતે નોકરીની તક પામનાર સભ્યોના આર્થિક સહાયના સ્લેબમાંથી શરૂઆતના ૨ વર્ષ સુધી કોઈ ઘટાડો નહીં થાય. અંતમાં સહુ સભ્યોનો ફરીવાર આભાર માનતા, એમણે જાહેર કર્યું કે આ વર્ષે મેરેજ બ્યુરો સમિતિના સભ્યોની સુંદર મહેનતના પરિણામે એક યુગલની સગાઈ થઈ છે. એ આપણા માટે ગૌરવની વાત છે.

**મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ-વેરાસા**

આથી દયાળુ દાતાઓને જણાવવાનુ કે મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટવેરાસા બાલાસિનોરને સરકાર તરફથી ઈન્કમટેક્સ માફી માટે ૮૦-G સર્ટિફિકેટ નં. સં.BRD. AA II માન્યતા 67 M/ ૨૦૦૭-૨૦૦૮ દિનાંક ૫-૬-૨૦૦૮થી મલ્યુ છે તો ઉદાર દિલ દાતાઓને ખાસ વિનંતી કરૂ છું કે આ ટ્રસ્ટને તમારાથી બનતુ સારૂ દાન કરવા કૃપા કરશો.

# શ્રી બાલાસિનોર સેવા સમાજ

**૪૪ વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે મંત્રી નિવેદન**

માનનીય પ્રમુખ શ્રી અને સભાસદ ભાઈઓ.

આજની આ વાર્ષિક સામાન્ય સભામાં આપ સૌનું સ્વાગત કરતા અમો આનંદ અનુભવીએ છીએ. સમાજ સંચાલીત શ્રી કલાવતીબેન કાંતીલાલ મહેતા આયુર્વેદીક ઔષધાલયનો અહેવાલ અમો રજુ કરીએ છીએ.

આપણે કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને મેડીકલ રીલીફ અને ડેવલોપમેન્ટ માટે રૂપિયા છ લાખ ફાળવ્યા છે. સંસ્થાના પૂરક સહાયક ફંડમાં રૂપિયા ૧,૦૨,૫૦૦.૦૦ નો વધારો થયો છે. સંસ્થા દ્વારા વર્ષે રૂા. ૨૫,૦૦૦.૦૦ અથવા રૂા. ૫,૦૦૦.૦૦ પાંચ વર્ષ સુધી સતત આપનાર અને રૂા. ૧૨,૫૦૦.૦૦ અથવા રૂા. ૨,૫૦૦.૦૦ પાંચ વર્ષ સુધી સતત આપનાર દાતાના નામની તકતી હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં મુકવામાં આવે છે.

તેમજ રૂપિયા એક લાખ કે તેથી વધુ રકમ આપનાર દાતાનું નામ જુદા પૂરક સહાય વિભાગની તકતીમાં લખવામાં આવે છે. તથા આવા દાતાનું જાહેર સન્માન પણ કરવામાં આવે છે. જે દાતાઓએ રૂા. ૧૨,૫૦૦.૦૦ કે રૂા. ૨૫,૦૦૦.૦૦ કે રૂા. ૫૦,૦૦૦.૦૦ નોંધાવ્યા હો તે બાકીની રકમ આપી રૂપિયા એક લાખના દાતાબની શકે છે. આ ફંડમાં રૂા. ૧,૦૬,૧૧,૨૧૯.૦૦ થયા છે. દાતાશ્રીઓનો સહકાર મળશે તેવી અપેક્ષા.

## દાતાશ્રીઓનો સન્માન સમારંભ :

ચાલુ વર્ષે તા. ૧૪-૩-૦૮ના રોજ નીચે મુજબના ચાર દાતાઓને સન્માનવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો.

(૧) શ્રીમતી કોકીલાબેન જયંતિલાલ કડકીઆ (ગ્રીન્સ ફાઉન્ડેશન)
(૨) શ્રી કૌશિકભાઈ પુનમચંદ પરીખ (રોકડીઆ)
(૩) શ્રીમતી કોકીલાબેન બિપીનચંદ્ર ઝવેરી
(૪) શ્રીમતી મંજુલાબેન જ્યંતિલાલ ગાંધી ચેરી. ટ્રસ્ટ

આ પ્રસંગે પૂજ્યમાં શ્રી શ્રી અનંતાનંદતીર્થ આશિર્વચન આપવા પધારેલા.

## શ્રી બાલાસિનોર નાગરીક સહકારી બેંક ડૉકટર્સ કવાટર્સ :

શ્રી બાલાસિનોર નાગરીક સહકારી બેંક ડૉકટર્સ કવાટર્સ હોસ્પિટલના ડોકટરોને નિવાસ સ્થાન માટે હોસ્પિટલને નજીવા દરે ભાડે આપેલ છે.

**પલ્સ ઓક્સીમીટર મશીન :** અગાઉના વર્ષે ફોરેઈન કોન્ટ્રીબ્યુશન ગ્રાન્ડમાંથી રૂા. ૩૮૦૦૦.૦૦નું પલ્સ ઓક્સીમીટર મશીન વસાવવામાં આવેલ છે જે મશીન કે. એમ.જી. જનરલ હોસ્પિટલમાં ઓપરેશન થીયેટરમાં વાપરવા માટે આપેલ છે.

**આંખનું માઈક્રોસ્કોપ મશીન :** અમેરીકાના એક શુભેચ્છા દાતા તરફથી મળ્યું છે. જે.કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં વાપરવા માટે આપેલ છે.

સાધન દાનના દાતા રૂા. ૨૫.૦૦૦૦ કે વધુ રકમના

લલીતાબેન લલ્લુભાઈ શાહ હાથી ખાનાવાળા - બ્લડ એનેલાઈઝર મશીન. આ મશીન કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં વાપરવા માટે આપેલ છે.

**ઓમ નમઃ શિવાય**

# જાહેર આમંત્રણ

આથી બાલાસિનોર ગામના રહીશો તથા બહારગામ વસતા સર્વે વૈષ્ણવ ભાઈઓ અને બહેનો આપને જણાવવાનું કે બાલાસિનોર શ્રી કેદારેશ્વર મહાદેવનું જીર્ણોધ્ધારનું કામ હવે પુરૂ થતાં નીચે મુજબના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વેને આ પ્રસંગે હાજર રહેવા અને ઉમંગભેર ભાગ લેવા આમંત્રણ છે.

**કાર્યક્રમ**

૧. કારતક સુદ ૪ તા. ૦૨-૧૧-૦૮
શ્રી નગીનદાસ લાલચંદ પારેખ કેદારેશ્વર મહાદેવના મુખ્ય પ્રવેશ દ્વારનું ઓપનીંગ સવારના ૧૦:૩૦ કલાકે રાખવામાં આવેલ છે.
પ્રસંગ વિધિ પતી ગયા પછી અલ્પાહાર ની વ્યવસ્થા રાખવામાં આવી છે.

૨) કારતક સુદ ૫ તા. ૩-૧-૦૮
શ્રી કેદારેશ્વર મહાદેવ ખાતે મહાપૂજા સવારના ૮.૦૦ કલાકે
શ્રી કેદારેશ્વર મહાદેવ ખાતે વાસ્તુ પુજા સવારના ૧૦.૦૦ કલાકે
શ્રીફળ હોમવાનો સમય સાંજે ૫.૦૦ કલાકે
પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે તો સાંજના ૫.૩૦ થી પ્રસાદ લઈ કાર્યક્રમની પુર્ણાહુતી થશે.

***શુભેચ્છક શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ(પ્રમુખ)***
***અને સર્વ વહીવટી કમીટીના ટ્રસ્ટીશ્રીઓ***

## જાહેર આમંત્રણ

આથી બાલાસિનોરના ગામના રહીશો તથા બહારગામ વસતા સર્વે વૈષ્ણવ ભાઈઓ અને બહેનો આપને જણાવવાનું કે 'લોક ભાગીદારીથી થયેલા રસ્તા' યોજના હેઠળ રૂા. ૫,૦૦,૦૦૦/-નો ફાળો આપી બાલાસિનોર ખાતે શ્રી સોમનાથ મહાદેવથી વિરપુર રોડ સુધીના રસ્તાના નામકરણ વિધી.

'શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ માર્ગ'ની તા. ૨-૧૧-૦૮ના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી સોમનાથ મહાદેવ પાસે રાખવામાં આવેલ છે. આપ સૌને હાજર રહેવા વિનંતી છે.

***લિ. નવીનચંદ્ર ચીમનલાલ શાહ અને પરિવાર***

---

## ગોવિંદ મેરો રે

ગોવિંદ મેરો રે ગોપાલ મેરોરે,
શ્રી મહારાણીમાંકો પ્યારો શ્રીનાથ મેરો રે ગોવિંદ...
ગોવિંદ મેરો રે ગોપાલ મેરો રે,
શ્રી મહાપ્રભુજીકો પ્યારો શ્રીનાથ મેરોરે ગોવિંદ...
ગોવિંદ મેરો રે ગોપાલ મેરો રે,
શ્રી નવનીતપ્રભુ કો પ્યારો શ્રીનાથ મેરોરે, ગોવિંદ...રે..
ગોવિંદ મેરો રે ગોપાલ મેરો રે,
શ્રી વિઠ્ઠલ પ્રભુકો પ્યારો શ્રીનાથ મેરોરે, ગોવિંદ...રે..
ગોવિંદ મેરો રે ગોપાલ મેરો રે,
શ્રી ગોર્વધનનાથજીકો પ્યારો શ્રીનાથ મેરોરે,ગોવિંદ...
ગોવિંદ મેરો રે ગોપાલ મેરો રે,
શ્રી દ્વારકાધીશજીકો પ્યારો શ્રીનાથ મેરોરે, ગોવિંદ...રે..
ગોવિંદ મેરો રે ગોપાલ મેરો રે,
શ્રી રણછોડરાયજીકો પ્યારો શ્રીનાથ મેરોરે, ગોવિંદ... રે..
ગોવિંદ મેરો રે ગોપાલ મેરો રે,
શ્રી ગોકુલેશનાથજીકો પ્યારો શ્રીનાથ મેરોરે, ગોવિંદ...

***-દક્ષેશ દેસાઈ***

# બાલાસિનોર વિદ્યામંડળ

બાલાસિનોર વિદ્યામંડળની ૪૧મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર ૨૯-૮-૦૮ના રોજ સાંજના ૪.૩૦ કલાકે બાલાસિનોર વિદ્યામંડળની ઓફિસે બાલાસિનોર ખાતે શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ના પ્રમુખ સ્થાને મળી હતી.

મુંબઈથી કારોબારી સમિતિના ૬ સભ્યો સામાન્ય સભા તથા કોલજની વાર્ષિક મુલાકાત માટે ગયા હતા.

વાર્ષિક સામાન્ય સભામાં દાન માટે ત્રણ (૩) અપીલ આપણા જ્ઞાતિજનો સમક્ષ જ્યોતિપુંજના માધ્યમ દ્વારા કરવાનું નક્કી કર્યું હતું.

**–:દાતાઓને અપીલઃ-**

(૧) કોલેજના કેમ્પસમાં મેઈન ગેટ પાસે સિક્યોરીટી કેબીન (નાઈટ વિઝન કેમેરાની સુવિધા સાથે) માટે રૂા. ૧,૨૫,૦૦૦/- (અંકે રૂા એકલાખ પચ્ચીસ હજાર)ની રકમ

(૨) કોલેજના મેઈન બિલ્ડીંગમાં 'શ્રીજી કોમ્પ્યુટર લેબોરેટરી'ના વર્ગની બહાર :- ચોકમાં માતા સરસ્વતીદેવીની મૂર્તિની સ્થાપના માટે રૂા. ૧,૦૦,૦૦૦/-(અંકે રૂા. એક લાખ)ની રકમ

(૩) વિદ્યાર્થીનીના સાડા ત્રણ વર્ષના નર્સિંગ ટ્રેઈનીંગ કોર્સ માટે રૂા. ૨,૫૦,૦૦૦/-(અંકે રૂા બે લાખ પચાસ હજાર) આ રકમમાંથી સાડા ત્રણ વર્ષના કોર્સ માટેની ફી એક વિદ્યાર્થીનીને રાહત પેટે મળશે આશરે રૂા. (૫,૦૦૦/ -ની વાર્ષિક ફી અત્યારના ધારાધોરણ મુજબ થાય છે. જેમાથી સંસ્થા રૂા. ૬૫,૦૦૦/-(અંકે રૂા. પાંસઠ હજાર)ની રકમ રાહત પેટે આપશે અને રૂા. ૨૦,૦૦૦/-ની રકમ વિદ્યાર્થીનીના વાલીએ ભોગવવી પડશે.

દાતાની ઈચ્છા મુજબ તેમના પરિવારના એક સભ્યનો ફોટો કોલેજના મકાનમાં યોગ્ય ઠેકાણે મુકવામાં આવશે.

## અનુકરણીય દાનઃ-

સહર્ષ જણાવવાનું કે આપણી સંસ્થાને રૂા. ૧,૨૫,૦૦૦/-(અંકે રૂા. એક લાખ પચ્ચીસ હજાર) તથા રૂા. ૧,૦૦,૦૦૦/-(અંકે રૂા. એક લાખ)નું માતબર દાન બે દાતા પરિવાર તરફથી મળ્યું છે.

(૧) મુરબ્બી શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (P.O.D.) તથા તેમના પરિવાર તરફથી કોલેજના કેમ્પસમાં મેઈન ગેટ નજીક ના વિઝન કેમેરાની સુવિધા સાથે સિક્યોરીટી રૂમ માટે શ્રીમતી પદમાબેન પ્રવિણચંદ્ર દેસાઈ ના નામે રૂા. ૧,૨૫,૦૦૦/-નું માતબર દાન પ્રાપ્ત થયું છે.

(૨) 'શ્રી ઓચ્છવલાલ પ્રાણલાલ કચેરીયા (વરખા) ની સ્મૃતિમાં શ્રી પ્રકાશભાઈ ઓચ્છવલાલ કચેરીયાના હસ્તક કોલેજના મેઈન બિલ્ડીંગમાં ચોકમાં, શ્રીજી કોમ્પ્યુટર લેબોરેટરીની બહાર માતા સરસ્વતી દેવીની મૂર્તિની સ્થાપના માટે રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ) નું માતબર દાન પ્રાપ્ત થયું છે.

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો બંને દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે. અને તેમના સુખ,શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

સંસ્કૃતમાં શ્લોક છે જેનો અર્થ છે. ઈશ્વર શક્તિ આપે છે. બીજાનું રક્ષણ કરવા ધન આપે છે. બીજાને મદદ દાન કરવા અને જ્ઞાન આપે છે બીજાને વહેંચવા

જે ઈશ્વરની ઈચ્છાનું પાલન કરે છે. તેની શક્તિ ધન અને જ્ઞાન વધતાંજ જાય છે.

UGC (યુનિયન ગ્રાન્ટ કમિશન) ની સ્વતંત્ર સંસ્થા (Autonamons Body) NAAC (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડિટેશન કાઉન્સિલ - નાક)ના ત્રણ સભ્યોની Peer Team તા. ૮-૯-૦૮ અને તા. ૯-૯-૦૮ના રોજ આપણી કોલેજની મુલાકાત માટે આવી હતી.

તા. ૧૬-૯-૦૮ના રોજ NAAC ની Web Site પર આપણને B Grade એનાયત થયેલો જાહેર કર્યો અને હવે આપણી Collage NAAC Certified College ગણાશે આ Certificate પાંચ વર્ષ માટે આપણને મળ્યું છે.

સમગ્ર દેશની લગભગ ૨૬૪ યુનિવર્સિટીઓ તથા ૧૧૫૪૬ કોલેજોમાંની ફક્ત ૧૪૦ યુનિવર્સિટી અને ૩૪૯૨ કોલેજો NAAC ની માન્યતા ધરાવે છે.

આ માન્યતા મેળવવાની તૈયારી આપણે એક વર્ષ પહેલેથી કરી હતી અને ૧૭૮ ફાઈલો Audit તથા એસેસમેન્ટ માટે તૈયાર કરી હતી. SSR (સેલ્ફ સ્ટડી રીપોર્ટ) લગભગ ૪૦૦ પાનાનો આપણા આચાર્યએ એકલે હાથે તૈયાર કર્યો હતો જેમાં આપણી વિવિધ પ્રવૃત્તિઓ, આપણી શિક્ષણ પદ્ધતિ, આપણા કેમ્પસની સંપૂર્ણ માહિતી, વિવિધ Projects વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ, શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફની સંપૂર્ણ વિગત, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની માહિતીનો સમાવેશ થાય છે.

મુંબઈની પાંચ કારોબારી સમિતિના સભ્યો અને અમદાવાદથી મુરબ્બી શ્રી નવીનચંદ્ર ઓચ્છવલાલ પારેખ (નિવૃત્ત ચીફ કમિશ્નર ઓફ ઈન્કમ ટેક્ષ ગુજરાત સભ્ય) આ પ્રસંગે હાજર રહ્યા હતા. બાલાસિનોર વિદ્યામંડળના મેનેજમેન્ટના Spoke Person તરીકે શ્રી નવીનભાઈએ મંડળની સ્થાપના Misson & Vission ભૂતપૂર્વ તથા કાલના કારોબારી સમિતિના સભ્યોનું Team Work વગેરે ખૂબ જ સરસ રીતે રજૂ કરી Peer Team ના સભ્યોને પ્રભાવિત કર્યા મુરબ્બી શ્રી પ્રવિણચંદ્ર ધારીઆ, શ્રી જશવંતભાઈ પરીખ તથા શ્રી ચંદુકાન્તભાઈ દેસાઈનો પણ સારો સહકાર સાંપડ્યો.

Peer Team નો ઉતારો નવાબ સાહેબની Heritage Hotel માં રાખવામાં આવ્યો હતો અને તેમનું આપણી કોલેજમાં Guar of Honour થી સ્વાગત કર્યું હતું. NCC ના કેટરસ એ Drum Beat અને March Pass થી Collage ગેટ થી Auditoriam સુધી મહેમાનોને દોરીને લઈ ગયા જેનાથી Peer Team ના સભ્યો ગદગદિત થઈ ગયા.

Lunch on Meeting With Management દરમિયાન કારોબારી સમિતિના સૌ સભ્યોનો Interview અને પૂછપરછ કરી. Power Point Presentation થી કોલેજની સમગ્ર માહિતી આપવામાં આવી,. વિશાળ લાઈબ્રેરી વિપુલ પુસ્તકોનો ભંડાર, અદ્યતન લેંગ્વેજ લેબોરેટરી તથા આધુનિક કોમ્પ્યુટર લેબોરેટરી આચાર્ય નિવાસ, વિશાળ કેન્ટીન, સુશોભિત ઓડીટોરીયમ થી આપણી પ્રતિષ્ઠામાં વધારો થયો.

***લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિવતી***

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

## મહાઓચ્છવ કોરપસ

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૩-૮-૦૮ના શનીવારે સાંજે ૬.૩૦ કલાકે લાડની વાડીમાં મળી હતી.

વાર્ષિક સામાન્ય સભાના એજન્ડા નંબર ૫ પ્રમાણે સમાજની કાર્યવાહક સમીતીની તારીખ ૩૦-૬-૨૦૦૮માં સર્વાનુમતે પસાર થયેલા નીચેના બે ઠરાવોને વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનૂમતે બહાલી આપવામાં આવી હતી.

**ઠરાવ નં ૧**

મહાઓચ્છવ મનોરથીનુ રૂપિયા ૨૦૦૦/- વ્યક્તી દીઠ કોરપસ બનાવવૂં અને એ કોરપસની રકમ બેંકમાં ફીક્સ ડીપોઝીટ તરીકે જમા કરી તેનું વ્યાજ ઉપરોક્ત પ્રસંગ નીમીત્તે વાપરવું.

**ઠરાવ - ૨**

મહાઓચ્છવ, ફગવા ઉત્સવ તથા પ્રવચનમાળા (મણકા) નીમીત્તે મનોરથીની રકમ જે રૂપિયા ૪૫૦૦૦/- કે વધુ હતી તે હવે ૫૫૦૦૦/- કે વધૂ લેવી અને આમ મળેલી વધારાની રકમ ઉપરોક્ત પ્રસંગ નીમીત્તે વાપરવી.

**મહાઓચ્છવ મનોરથ બાબત**

ચાલુ વર્ષ ૨૦૦૮ અને ભવિષ્યના વરસો માટે મહાઓચ્છવના મનોરથી લેવાના છે. જે પણ વૈષ્ણવોની મનોરથી બનવાની ઈચ્છા હોય તો તેઓ બંધ કવરમાં ઠરાવ બે મૂજબ મનોરથની રકમની ઓફર, નામ, એડ્રેસ, ટેલીફોન નંબર સહિત મંત્રીશ્રીને પહોંચાડી દેશો. મનોરથ માટેનું વર્ષ અને તારીખ વહેલો તે પહેલો આ ધોરણે આપવામાં આવશે.

ચાલુ વર્ષના ઉત્સવો તથા પ્રવચનનો કાર્યક્રમ

૧ શ્રી કનૈયાપ્રભુનો પાટોત્સવ, કારતક વદ ૧૧, તા. ૨૩-૧૧-૦૮, રવિવાર

૨ ધન્ય ધન્ય છઠ્ઠની રાત, માગસર સુદ-૬ તા. ૪-૧૨-૦૮, ગુરૂવાર

૩. શ્રી મહાઓચ્છવ, માગસર સુદ-૭, તા. ૫-૧૨-૦૮, શુક્રવાર

૪. શ્રી ગુંસાઈજીનો પાટોત્સવ, માગસર વદ-૯ તા. ૨૦-૧૨-૦૮, શનિવાર

૫. શ્રી ફગવા ઉત્સવ મનોરથ, ફાગણ સુદ-૩ તા. ૨૮-૨-૦૯, શનિવાર

૬. શ્રી મહાપ્રભુજીનો પ્રાકટોત્સવ, ચૈત્ર વદ-૧૧ તા. ૨૧-૪-૦૯, મંગળવાર

૭. શ્રી વિવાહ ઓચ્છવ, જેઠ વદ - ૨ તા. ૯-૬-૦૯, મંગળવાર

૮. વ્યાખ્યાનમાળા પ્રવચન (મણકો) (સપ્ટેમ્બર ૦૯ વિષય, પ્રવચનકાર, તારીખ તથા સ્થળ પછીથી જાહેર થશે)

અનુક્રમાંક નંબર ૧,૨,૪,૬,૭ માં તિલકની બોલી બોલવામાં આવશે. અને મંદિરમાં સમાજ બેસશે. અનૂક્રમાંક ૧,૨,મંદિરમાં રાત્રે ૯-૦૦ કલાક અનૂક્રમાંક ૪,૬,૭, મંદિરમાં સાંજે ૬.૩૦ કલાકે ટાઈમ રહેશે.

સૌ વૈષ્ણવોને ઉપરના પ્રસંગો નોંધ લઈ હાજર રહેવા આમંત્રણ છે. સર્વે વૈષ્ણવોને સમાજ તરફથી દિવાળીની શુભેચ્છા.

## શ્રી સૂકી વ્રજ પરિક્રમા યાત્રા

સમાજ દ્વારા આયોજીત તારીખ ૩-૨-૦૯ થી તા. ૧૪-૨-૦૯ ની ઉપરની યાત્રા માટેનું બુકીંગ ચાલું થઈ ગયુ છે જે વૈષ્ણવોને આ યાત્રામાં જોડાવાની ઈચ્છા હોય તો વેળાસર નામ નોંધાવી દેશે. છેલ્લી તારીખ ૩૧-૧૦-૦૮ (ત્રણ મહિના પહેલા રેલ્વે બુકીંગ થતું હોવાથી )થી રાખવામાં આવેલ છે. જેની નોંધ લેશો.

વધુ વિગતો માટે મંત્રી અથવા પ્રમુખશ્રીનો સંપર્ક કરશો.

***લી. વાડાસીનોર ગોકુલેશ સમાજ***

***મંત્રી - શ્રી બીપીન કીરતનલાલ દોશીના જય જય શ્રી ગોકુલેશ***

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

**ઓપરેશન મીતીયોજના હેઠળ નોંધાયેલ દાતાઓની યાદી**

૧) હરિશચંદ્ર ભીખાલાલ મોદી (બાલી પરીવાર)
૨) ઈન્દુબેન નવનીતલાલ શાહ
૩) સચીન પ્રવિણચંદ્ર પરીખ (રોકડીયા)
૪) કમલેશ ચંદ્રકાન્ત દોશી

ઓપરેશન મીતી યોજના ના દાતા રૂા. ૭૫૦૦ આપી બની શકો છો. આ યોજનામાં દાતાશ્રીના નામનો આભાર પત્ર મીતીની તારીખે મોકલવામાં આવે છે.

**અપીલ**

૧) સોનાગ્રાફી મશીનની ખૂબજ જરૂરીયાત છે. જેની કીંમત આશરે ૧૦.૦૦ લાખ થાય છે. આ મશીનના દાતા થવા સંસ્થા આમંત્રણ આપે છે.

૨) ડીજીટલ-X Ray મશીન એટેચમેન્ટ વસાવવા માટે રૂા. ૧૫ લાખના દાતાની જરૂર છે સંસ્થા આ માટે ટહેલ નાંખે છે.

(૧) બાલાસિનોરની કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલમાં તારીખ ૭-૯-૦૮ ના રોજ શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ડાયાબિટીસ નિદાન અંગેનો સાતમો કેમ્પ યોજવામાં આવેલ. જેમાં આણંદના ફિજીશીયન ડૉ.શિશિરભાઈ પી.ગાંધી (એમ.ડી.મેડીસીન) અશ્વિની મેડીકલ સેન્ટર, આણંદ તેમજ બીજા સહયોગી ડોકટરોની ટીમે સેવા આપેલ. તેમજ ૬૮ દર્દીઓને દવા ફ્રી આપવામાં આવેલ.

હવે પછીનો ડાયાબિટીસ નિદાન અંગેનો આઠમો કેમ્પ આગામી તા. ૧૪-૧૨-૦૮ નવમો કેમ્પ તા. ૮-૩-૦૯ના રોજ યોજવામાં આવશે. વધુમાં આ કેમ્પમાં જે દર્દીઓએ લાભ લીધેલ છે. તે તમામ દર્દીઓને દર શનિવારે ડાયાબિટીસની દવા ફ્રી આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

(૨) કલાવતીબેન કાંતીલાલ મહેતા સ્ત્રી રોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ : હોસ્પિટલમાં સ્ત્રીઓને લગતા તમામ પ્રકારના રોગોનું નિદાન તેમજ ઓપરેશન જેવાકે, ગર્ભાશયની કોથળી કાઢવાનું, નીચેથી કોથળી કાઢવાનું, કુટુંબ નિયોજનનું તેમજ સીજેરીયન (ઉપરથી બાળક લેવાનું) ઓપરેશન અંગેનો એક કેમ્પ તા ૨૭-૮-૦૮ના રોજ રાખવામાં આવેલ. આ કેમ્પમાં ગાયનેક ડૉ. પારૂલબેન શારદા (એમ.ડી.) એ કુલ ૧૨ દર્દીઓને તપાસેલા જેમા જરૂરીયાતવાળા દર્દીઓના ઓપરેશન મફત કરી આપવામાં આવશે જેમાં એક્ષરે, લેબોરેટરી, ઈ.સી.જી. ઈનડોર વિગેરે ફ્રી કરવામાં આવશે.

*- મંત્રીઓ ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ*

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

બારમી વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે નિવેદન

આપણી હોસ્પિટલમાં ૧૦૦ દર્દીના બિછાનાની સગવડતા છે.

આ સંસ્થાના વિવિધ વિભાગો તથા તેમાં વર્ષ દરમ્યાન દર્દીઓએ લીધેલા લાભ અથવા નિદાન નીચે પ્રમાણે છે.

કુલ દર્દીઓએ લાભ લીધો છે અથવા નિદાન કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧) | ઈન્ડોર વિભાગ | ૧૮૬૬ |
| ૨) | કમળાબેન ઓચ્છવલાલ કચેરીયા સુતિકા વિભાગ | ૩૭૯ |
| ૩) | કુટુંબકલ્યાણ કાર્યક્રમ | ૨૪ |

૪) મણીબેન મણીલાલ ધારીઆ ડિસ્પેસન્સીગ વિભાગ ૨૦૯૩૯
૫) મણીલાલ ચંદુલાલ પરીખ એક્સ-રે વિભાગ ૬૬૬૯
૬) ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ
પેથોલોજી વિભાગ ૧૨૦૫૭
૭) શ્રી ગોકુલનાથજી મંદિર રજત જ્યંતિ ઉત્સવ
હેમોગ્લોબીન વીભાગ ૯૮૧૩
૮) શાંતાબેન કંચનલાલ છોટાલાલ ગાંધી બ્લડ
બાયો કેમીસ્ટ્રી વિભાગ ૧૪૫૪૦
૯) લીલાબેન કીર્તનલાલ દોશી નેત્ર વિભાગ ૯૯૮૨
૧૦) ઈચ્છાબેન મણીલાલ શાહ (ઝાટ) ઓપરેશન થીયેટર
૧૧) રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાલા)
**ઓપરેશન થીયેટર કુલ ૧૭૭૭**
૧૨) મણીબેન સારંગી ઓપરેશન થીયેટર
૧૩) ઈચ્છાબેન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી)
મોબાઈલ વિભાગ ૪૯૬૬
૧૪) પ્રવિણાબેન દિલીપકુમાર ધારીઆ (લાલખાં)
દંત વિભાગ ૬૦૪
દંત વિભાગમાં એક્સ-રે પાડવામાં આવ્યા ૧૧૬
૧૫) મોજીલાલ છોટાલાલ ધારીઆ
ફીજીયોથેરાપી વિભાગ ૫૬૦૧
૧૬) શાંતાબેન કાન્તીલાલ લાલચંદ દોશી
ઈ.એન.ટી વિભાગ ૧૩૬૬
૧૭) મણીબેન ઓચ્છવલાલ ચંદુલાલ પરીખ(બખલી)
બાળ વિભાગ ૨૩૧૧
૧૮) બાલાસિનોર નાગરિક સહકારી બેંક
ઓર્થોપેડીક વિભાગ ૯૬૩૦
૧૯) પુનમચંદ ચંદુલાલ શાહ (કડકીઆ)
ઈમરજન્સી વિભાગ ૧૩૮૫
૨૦) રમણલાલ જેઠાલાલ કચેરીયા સ્કીન વિભાગ ૨૯૧૨
૨૧) રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી)
ક્રીટીકલ કેર વિભાગ ૧૨
૨૨) બાબુલાલ ગરબડદાસ દોશી ટી.બી. વિભાગ ૩૫
૨૩) ઓચ્છવલાલ ચંદુલાલ પરીખ બર્ન્સ વિભાગ ૨૬
૨૪) મોહનલાલ લલ્લુભાઈ કડકીયા(મરઘા)
સોનોગ્રાફી વિભાગ ૨૨૨૧
૨૫) બીલાબેન અને ડો. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ
ફીજીશીયન વિભાગ ૧૦૨૫
૨૬) કાંતિલાલ ચંદુલાલ કડકીયા (ધરીવાલા)
એનેસ્થેસીયા વિભાગ ૧૭૭૭
૨૭) નટવરલાલ ચીમનલાલ પરીખ(રાઠોડીયા)
કાર્ડીઓગ્રામ વિભાગ ૮૭૦
૨૮) લીલાવતી કીરીટકુમાર કડકીઆ (ફાડીઆ)
હેલ્થ ચેકઅપ વિભાગ ૬૪
૨૯) શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ)
મનોચિકિત્સા વિભાગ સાઈક્રીઆટીક વિભાગ ૧૦૭૭

વર્ષ દરમ્યાન સંસ્થાએ આયોજન કરેલા કેમ્પો

- ૧૩મો હૃદયરોગ નિદાન કેમ્પ: મધુબેન નગીનદાસ પારેખ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રૂા. પાંચ લાખના દાનનું વચન ચાલુ વર્ષે મળ્યુ હતું. અને હૃદયરોગ નિદાન કેમ્પને શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હૃદયરોગ નિદાન કેમ્પ નામકરણ કરવામાં આવેલ છે. સંસ્થા દાતાનો આભાર માને છે.
- ૮મો શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીયો અને કૃત્રિમ હાથ-પગ કેમ્પ
- તા. ૨૮-૧૨-૦૭ના રોજ આ કેમ્પ કરવામાં આવ્યો હતો.
- ૨૦મો શ્રી પુનમચંદ છોટાલાલ દેસાઈ (વકીલ) નેત્રયજ્ઞ
- સહયોગી દાતા યોજના હેઠળ શ્રી બાબુલાલ ઓચ્છવલાલ કડકીઆ (લટકારી)ના સહયોગથી કરવામાં આવ્યો હતો.
- ૧૧મો ચશ્મા શિબિર ૧-૩-૦૮ અને ૨-૩-૦૮ના રોજ અનામી દાતાઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.
- ૪થો, ૫મો, તથા છઠ્ઠો શ્રીમતી કુસુમબેન

રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાલા ડાયાબીટીસ નિદાન કેમ્પ ૪૩ વ્યક્તિએ લાભ લીધો.

સ્ત્રીરોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ કુલ ૫૯ દર્દીઓ તપાસેલા તથા ૯ દર્દીઓના ઓપરેશન થયા.

• કલાવતી કાંતીલાલ મહેતા સ્ત્રી રોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ તા. ૧૪-૩-૦૮ના કરવામાં આવ્યો હતો.

• ૧લો કાન, નાક અને ગળાના રોગોનો નિદાન તથા રાહત દરે ઓપરેશન કેમ્પ ૨૬-૨-૮ કુલ ૭૩ દર્દીઓને તપાસેલા.

• જુન ૨૦૦૮માં શ્રી જ્યંતિલાલ લલ્લુભાઈ ધારીયા (હેડમાસ્તર) તરફથી રૂા. ૨૫૦૦૦૦/-ના દાનનું વચન નામ કરણ માટે મળ્યું છે. અને હવે પછી આ કેમ્પને શ્રી મંજુલાબેન અને શ્રી જયંતિલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર)નાક, કાન, અને ગળાના રોગોનો નિદાન કેમ્પ નામ આપેલ છે.

• બીજો ફીજીશીયન નિદાન કેમ્પ તા. ૨૦-૧૨-૦૭ના કરાયો.

• ૧લો કીડનીના રોગોનો નિદાન કેમ્પ ૧૩-૪-૦૮ના કુલ્લે ૭૮ દર્દીઓએ લાભ લીધો હતો.

• ૧લો ન્યુરો સર્જરી નિદાન કેમ્પ ૧૩-૪-૦૮ના થયેલ હતો. ૮૧ દર્દીઓએ લાભ લીધો.

• મેજર માઈનોર ઓપરેશન કુલ્લે ૪૯૨ અને ઓપરેશન કરવામાં આવ્યા હતા.

• શ્રીમતી લીલાવતી કીરીટકુમાર કડકીઆ (ફાડીઆ) હેલ્થ ચેક-અપ વિભાગ આ વર્ષે કુલ ૬૪ દર્દીઓએ લાભ લીધો હતો.

• બાબુલાલ ગરબડદાસ દોશી ટી.બી. વિભાગ ૯૦ દર્દીઓને રૂા. ૩૧૧૮૪૩ ની દવાઓ ફ્રી આપવામાં આવેલ હતી.

• લીલાબેન કીરતનલાલ દોશી નેત્ર વિભાગ ૩૪૫૦ દરદીઓને આંખ તપાસીને ચશ્માના નંબર કાઢવામાં આવેલ હતા.

• શ્રી ચંદનબેન અને મણીલાલ છોટાલાલ ધારીઆ (દાઉદીઆ) નિયોનેટલ વોર્ડ

• શ્રી જયંતિલાલ મણીલાલ કડકીયા (વલ્લભઘેલા) ગ્રીન ફાઉન્ડેશન સીંકદરાબાદ બ્લડ સ્ટોરેજ સેન્ટર ૯ બ્લડ ડોનેશન કેમ્પમાં કુલ ૫૦૨ બોટલ બ્લડ એકત્ર કરવામાં આવેલ.

**ચીરંજીવી યોજના**

• ઓપરેશનો તદન ફ્રી કરવામાં આવે છે. તેમજ પ્રસુતાને વાહનભાડા પેટે રૂા. ૨૦૦ તથા એટેન્ડન્ડ ચાર્જ પેટે રૂા. ૫૦ આપવામાં આવે છે.

• શ્રીમતી કમલાબેન પુનમચંદ પરીખ (રોકડીઆ) પ્રસુતિ વીંગ

• નડીયાદની જીલ્લા આયોજનની ગ્રાન્ટમાંથી રૂા. ૩૩૭૭૨૦/- મળે છે. ઉદઘાટન પ્રમુખશ્રી ખેડા જીલ્લા પંચાયત શ્રીમતી નયનાબેન પટેલ તેમજ માજી ધારાસભ્યશ્રી રાજેશભાઈ પાઠકના વરદ હસ્તે તા. ૧-૭-૦૮ના રોજ કરવામાં આવેલ છે.

• ગુજરાત સ્ટેટ એઈડસ કન્ટ્રોલ સોસાયટી, અમદાવાદ સંચાલિત આઈસીટીસી સેન્ટર (વાત્સાયન કેન્દ્ર)

હોસ્પિટલને ગત વર્ષે એચ.આઈ.વી/ એઈડસની જાગૃતિ અંગેના બે સેન્ટરોની માન્યતા મળેલ અને આ બન્ને સેન્ટરો કાર્યરત હતા પરંતુ GSACS દ્વારા સંયુક્ત રીતે એક જ સેન્ટર રાખવામાં આવેલ છે. અને જેનું નામ વાત્સાયન કેન્દ્ર રાખવામાં આવેલ છે. જેમાં એક કાઉન્સેલર તથા એક બેલ ટેકની નિમણૂંક કરવામાં આવેલ છે. અને તેને લગતી જરૂરી ગ્રાન્ટ પણ GSACS તરફથી ફાળવવામાં આવે છે.

## ◌ ઓપરેશન પુરક મિતિ યોજના

તેમાં દાતાઓ રૂપિયા૭૫૦૦ (અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા આપી તારીખ લખાવી શકે છે.

**◌ શ્રી મણીલાલ છગનલાલ મોદી દરદી અતિથી ગૃહ**

હોસ્પિટલમાં નીચેના વિભાગો - વોર્ડો સ્થાપવામાં આવ્યા છે.

| | |
|---|---|
| શ્રી મણીલાલ ચંદુલાલ કડકીયા | - સ્પેશિયલ વિભાગ |
| શ્રી જયંતિલાલ મોજીલાલ મોદી | - પુરૂષ વિભાગ |
| શ્રી શેઠ લલ્લુભાઈ નાથજીભાઈ બોરડીવાલા | - સર્જીકલ વિભાગ |
| શ્રી મંજુલાબેન કાંતિલાલ કડકીઆ | - સ્ત્રી વિભાગ |
| શ્રી દશાનીમા નવ યુવક મંડળ | - સ્પેશિયલ વોર્ડ |

હોસ્પિટલમા વર્ષ દરમ્યાન રૂપિયા ૧૭,૦૮,૮૧૮.૬૪ પૈસાની રાહતો અપાઈ છે.

વર્ષ ૨૦૦૭-૦૮માં હોસ્પિટલમાં રૂા.૧૨૧૨૫૫૭૯.૬૨ નો આવક કરતાં વધુ ખર્ચ થયો છે. માન્ય ખર્ચ માટે ગ્રાન્ટ વર્ષ ૨૦૦૮-૦૯માં મળશે.

હોસ્પિટલના નિભાવ તથા વિકાસ માટે ટ્રસ્ટને મળેલ દાન

ટ્રસ્ટના ભંડોળ માટે રૂા. ૩૪૧૦૩૦૮ મળી કુલ્લે ટ્રસ્ટ ભંડોળ વર્ષના અંતે રૂા. ૧,૯૧,૫૦,૭૯૪.૬૧ થયું છે. તથા પુરક સહાયક ભંડોળમાં રૂપિયા ૪૨૦૦૦૦/- મળેલ છે. સૌ દાતાઓને અભિનંદન.

**પ્રસુતિ વિભાગ ભોજન યોજના**

પ્રસુતિ વિભાગની બહેનોને વિના મૂલ્યે ભોજન આપવામાં આવે છે.

ધારા સભ્યશ્રીની ગ્રાન્ટ

ચાલુ વર્ષ દરમ્યાન ધારાસભ્યશ્રી માનસિંહભાઈ કે. ચૌહાણની વર્ષ ૨૦૦૮-૦૯ની ગ્રાન્ટમાંથી ૫૦ ટકા લોક ફાળો ભરવાની શરતે રૂા ૭૫૦૦૦/- જીલ્લા આયોજન મંડળમાંથી ગ્રાન્ટ ફાળવેલ છે. આ ગ્રાઉન્ડમાંથી પેથોલોજી વિભાગ માટે ઈલેકટ્રોલાઈટ એનેલાઈઝર મશીન ખરીદવા અંગેની પ્રક્રિયા હાલ ચાલુ છે.

**દાતાશ્રીનો સન્માન સન્માન સમારંભ**

ચાલું વર્ષ તા. ૧૪-૩-૦૮ના રોજ ટ્રસ્ટને પ્રોત્સાહિત દાન આપનાર નીચેના તેર સખાવતી દાતાઓનું સન્માન કરવા માટેનો એક સમારંભ રાખવામાં આવેલો.

૧) શ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ
૨) શ્રીમતી લતાબેન જશવંતભાઈ પરીખ
૩) શ્રી વિનોદચંદ્ર મણીલાલ શાહ (નગરશેઠ)
૪) શ્રી દિપકભાઈ કાંતીલાલ દોશી
૫) શ્રી નગીનદાસ લાલચંદ પારેખ
૬) શ્રીમતી કુસુમબેન રસીકલાલ લાકડાવાળા
૭) શ્રીમતી તરૂબેન અને અનુબેન શેઠ
૮) શ્રી સુધીરભાઈ મોહનલાલ કડકીઆ (મરઘા)
૯) શ્રી હાજી અબ્દુલ ગની હાજી ઈસ્માઈલભાઈ શેખ (જનોડવાળા) (ચેરમેનશ્રી બાલાસિનોર રોડ ટ્રાન્સપોર્ટ કો. ઓ.સો.લી.)
૧૦) શ્રી હાજી ઈસ્માઈલભાઈ હાજી મહમદભાઈ શેખ
૧૧) શ્રીમતી લીલાબેન રમણિકલાલ ધારીઆ
૧૨) શ્રીમતી રેખાબેન કિશોરકુમાર ત્રિવેદી (એડવોકેટ)
૧૩) શ્રી હાજી અબ્દુલ સત્તાર હાજી ઈસ્માઈલભાઈ શેખ (લાલા) (ચેરમેનશ્રી, બાલાસિનોર વિકાસ કો.ઓ.સો.લી.)

આ પ્રસંગે પૂજ્ય મા. શ્રી શ્રી અનંતાનંદતીર્થ આર્શીવચન આપવા માટે પધારેલા.

વર્ષ દરમિયાન અવસાન પામેલા સભ્યોની અમે સખેદ નોંધ લઈએ છીએ. પ્રમુ. સદગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

***- શ્રી ધીરૂભાઈ શેઠ, શ્રી રાજેન્દ્ર દેસાઈ***
***મંત્રીઓ***

# ગાંધી વિચારના પ્રચારને વરેલું મુંબઈ સર્વોદય મંડળ

૨૯૯, તારદેવ રોડ, નાના ચોક, મુંબઈ ૪૦૦૦૦૭ એક વિશેષ સ્થળનું સરનામું છે. અહીં મુંબઈ સર્વોદય મંડળનું કાર્યાલય આવેલું છે. આ મંડળ છેલ્લા ૫૨ વર્ષથી (૧૯૫૬) ગાંધી વિનોબા જયપ્રકાશ અને સર્વોદય વિચારોના પ્રસાર પ્રચારને લગતા અનેક રચનાત્મક કાર્યક્રમો કરે છે. ગાંધી બુક સેન્ટર તથા વેબસાઈટ દ્વારા ગાંધીમૂલ્યો પ્રમાણેનો અહિંસક સમાજ ઘડવામાં પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહયું છે. ખાસ કરીને યુવાનોની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવા અહિંસા, ભાઈચારો, સમાનતા અને પ્રેમના ગુણોનું સિંચન કરવા શાંતિયાત્રા, શિબિરો, પ્રવચનો ગાંધી શાંતિ પરિક્ષા અને અન્ય રચનાત્મક ગાંધી શાંતિ પરીક્ષા અને અન્ય રચનાત્મક કાર્યો કરે છે. મહારાષ્ટ્રની જેલોમાં એની પ્રવૃત્તિઓનો વ્યાપ વિસ્તાર પામ્યો છે. આ બધા પાછળનો મુખ્ય દોરી સંચાર કરનાર શ્રી તુલસીદાસ સોમૈયાનું પ્રદાન પ્રશંસનીય છે. એમને અનેક સેવાભાવી સાથીઓનું પીઠબળ સાંપડયું છે.

આવી પ્રવૃત્તિમાં રસ ધરાવતા દાનવીરો દાન, દ્વારા યુવકો પોતાના કાર્ય દ્વારા ગાંધી વિચાર પ્રચાર-પ્રસારને જે કયારેય કાળગ્રસ્ત થવાનું નથી. પોતાનો સાથ સહકાર આપી બળવત્તર બનાવી શકે છે.

આ મંડળની પ્રવૃત્તિઓ વિષેની માહિતી આ સાથેના લેખમાંથી મળી રહે એ હેતુથી અત્રે પ્રસ્તુત છે.

*-(સંકલન પ્રવીણ દેસાઈ)*

## ગાંધીવિચારનો પ્રચાર જ એકમાત્ર ધ્યેય

ગાંધીજીએ કહયું હતું, 'મારું જીવન જ મારો સંદેશ છે' તો એમના જીવન વિષે જાણવા માટે એમણે તેમ જ તેમના પર બીજા લેખકોએ લખેલાં પુસ્તકો વાંચવાં જોઈએ. ગાંધીજીના વિચારોનો પ્રચાર થવો જોઈએ જેથી આજના યુવાનોમાં સત્ય, પ્રામાણિકતા, અહિંસા જેવા ગુણોનું સિંચન થાય. આવું સુંદર કાર્યકરી રહ્યું છે. 'મુંબઈ સર્વોદય મંડળ' અને મંડળના જ ગાંધી બુક સેન્ટરમાંથી ગાધીજીના જીવનને લગતાં પુસ્તકો મળી શકે છે. ગાંધીજી, વિનોબા ભાવે અને જયપ્રકાશ નારાયણ તથા સર્વોદય વિચારધારાના આધાર પર ઈ.સ.૧૯૫૭માં આ સંસ્થાની સ્થાપના થઈ અને ૧૯૮૨માં ગાંધી બુક સેન્ટરનો પ્રારંભ થયો. યુવાનો તથા ગામડાનો સ્વસ્થ અને સાર્થક વિકાસ કરવાની શરૂઆત કરવા માટે મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન થતું રહે છે.

આ કાર્યક્રમોના કો-ઓર્ડિનેટર તુલસીદાસ સોમૌયાની અનુપસ્થિતિને કારણે સોનલ પરીખ જણાવે છે, 'અમારો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં શાંતિ, અહિસા, ભાઈચારો, કોમી એકતા માટે જાગૃતિ જેવા ગાંધીજીના વિચારો ફેલાવવાનો છે. આને માટે અમે સેમિનાર્સ, પ્રવચનો, સામાજિક મૂલ્યો માટે જાગૃતિ આણવા યુવક-યુવતીઓની શિબિરનું આયોજન કરીએ છીએ. ત્રણ કે આઠ દિવસની શિબિર યોજાય જેમાં ખાસ કરીને કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લે. તેમની પાસે ગાંધીજીના વિચારો રજૂ કરીને રચનાત્મક પ્રવૃત્તિઓ કરાવીએ તેમને સાચું માર્ગદર્શન મળતાં તેઓ દેશના વિકાસમાં ભાગીદાર થઈ શકે. તેમને સફાઈ, શ્રમદાનથી માંડીને વ્યક્તિત્વ વિકાસ, પર્યાવરણ જાગૃતિ અને ચારિત્ર્યશીલતાના પાઠ ભણાવીએ. સ્કૂલ, કોલેજ અને જેલમાં હિન્દી, ગુજરાતી, અંગ્રેજી અને મરાઠી એમ ચાર ભાષામાં ગાંધીવિચારની પરીક્ષા લેવાય છે. આ સ્કૂલ, કોલેજને અનૂકૂળતા હોય ત્યારે પરીક્ષા લે. ગાંધીજીની આત્મકથા ગાંધીબાબા, મેરી જીવનકથા પુસ્તકોમાંથી પ્રશ્ન પેપર આપવામાં આવે. અમે પ્રશ્ન પેપર, આન્સરશીટ સાથે મોકલી આપીએ. સંસ્થાના શિક્ષકો જ પેપર તપાસે. સર્ટિફિકેટ ઉપરાંત નાનાં-મોટાં ઈનામો આપવામાં આવે. આવી જ પરીક્ષા જેલમાં લેવાય. પરીક્ષા

લેતાં પહેલાં અહીં લેકચર્સ ગોઠવાય, પુસ્તકો આપીએ, સીડી બતાવીએ, ગાંધીજીના વિચારોના આવા પ્રચારથી જેલમાં લક્ષ્મણ ગોલે નામના ગુનેગારનું માનસ પરિવર્તન થઈ ગયું. તેણે પોતાનો ગુનો કબૂલી લીધો, સજા પૂરી કરીને આજે તે સંસ્થામાં જ કામ કરે છે. એ હવે સાચો ગાંધિયન બની ગયો છે. ગાંધી સાહિત્ય વાંચી શકાય તે માટે તેણે અંગ્રેજી, હિન્દી અને ઉર્દૂ ભાષા શીખી છે ?

સોનલબહેન વધુ માહિતી આપતાં કહે છે,' બીજી ઓકટોબર, ઈન્ટરનેશનલ નોન-વાયોલેન્સ ડે તરીકે ઊજવાય છે. ગયા વર્ષે અમે૯,૦૪૦ બાળકોને ભેગાં કરીને શાંતિ અને અહિસાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. છઠ્ઠી ઑગસ્ટ (હિરોશિમા ડે) અને ૩૦ જાન્યુઆરી(ગાંધી નિર્વાણ દિન)ના દિવસે રેલી કાઢવામાં આવે જેમાં ન્યુક્લિયર ફ્રી વર્લ્ડ, અહિંસા, કોમી એકતા, આંતરરાષ્ટ્રીય શાંતિ જેવી બાબતોને આવરી લેવામાં આવે. અમારા ગાંધી બુક સેન્ટરમાંથી ગાંધી, વિનોબા અને સર્વોદયને લગતાં પુસ્તકો ઉપરાંત આધ્યાત્મિક અને બાળકો તેમ જ તંદુરસ્તી વિષયક પુસ્તકો ખરીદનારને વળતર આપીએ છીએ. ૨ ઓકટોબર અને ૩૦ જાન્યુઆરીએ હુતાત્મા ચોક જેવા જાહેર સ્થળે સ્ટોલ રાખીને ૫૦ ટકા વળતરથી પુસ્તકો વેચીએ છીએ. ગયા વર્ષે ગાંધીજીની આત્મકથાની ૨૮,૦૦૦ પ્રતો વેચાઈ અને અમે ગાંધી તેમ જ સર્વોદયને લગતાં ૩૦ લાખ રૂપિયાનાં પુસ્તકોનું વેચાણ કર્યું અમને આનંદ એ બાબતનો છે કે આ પુસ્તકો ખરીદવા યુવાનો આવે છે. યુવાનો જો ગાંધીવિચારને અમલમાં મૂકશે તો દેશની શિકલ બદલાઈ જશે એ નક્કી છે.

- ***(મુંબઈ સમાચાર સાપ્તાહિકમાંથી)***

# સંસ્થા સમાચાર

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ની કાર્યવાહીક સમિતિની ૪થી બેઠક તા. ૧૮-૦૯-૨૦૦૮ના રોજ ગુરૂવારે સાંજે ૭-૧૫ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાલા) સભાગૃહ ખાતે મળી હતી.

સંસ્થા પ્રમુખ શ્રી પ્રદીપ કડકીઆના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સહમંત્રી શ્રી ભાવેશ મોદીએ ત્રીજી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમત્તે પસાર કરવામા આવ્યો હતો. ઉપનગર સમિતિનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો તેમા સહુ ને દાંડીયા રાસ માટે આમંત્રીત કરાયા હતા. ક્રિકેટ સમિતિના સંયોજકે સર્વોદય ટીમને આવકાર આપ્યો હતો. અને તેમણે તેમના ૧૫ ખેલાડી અને ૩ સભ્યોએ આવવાનું સ્વીકાર કર્યું હતું.

નોટબુક સમિતીના સંયોજકે તેમનો વાર્ષિક હીસાબ રજુ કર્યો હતો.

રસોત્સવ સમિતિના સંયોજકે તેમનું ટીકીટનું વેંચાણ તા. ૯-૧૧-૨૦૦૮ના રોજ રાખવાનું નક્કી કરેલ છે.

જનતા ફી સહાય યોજનાના નામકરણ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## દાતાઓનો આભાર

શ્રી હરેશ ન. ધારીયા (જયદીપ ટ્રેડીંગ કોર્પોરેશન) તરફથી રૂા. ૧૧,૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે. તે રકમનો કાયમી સ્વરૂપનાં ધોરણે ન્યાસફંડમાં ઉમેરો થયેલ છે.

સંસ્થા દાતાઓ તથા તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર માને છે.

***મંત્રી :- મંજુલ ધારીયા***

જ્યોતિપુંજના ભાવ વધારા માટે તંત્રીશ્રીએ કાર્યવાહિક સમિતિને રજુઆત કરી હતી તે મંજુર કરાઈ હતી. જનતા ફી સહાય યોજનાના સંયોજકે જણાવેલુ કે તેમની પાસે કુલ ૧૧ અરજી આવી હતી. રૂા. ૧૧000/-નું ન્યાસ ફંડ શ્રી હરેશ ધારીઆ (જયદીપ ટ્રેડીંગ કોપોરેશન) તરફથી મળ્યા છે. કુલ ૪ નવી આજીવન સભ્યપદની અરજી આવી હતી તથા ૪ સભ્યોની લીવ આવી હતી તે સર્વાનુમત્તે પસાર કરવામા આવી હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

***સહમંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી***
***મંત્રી - શ્રી મંજુલ શૈલેશ ધારીયા***

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## સખાવતી દાતાઓને જાહેર વિનંતી

ઉપરોક્ત સંસ્થાની કારોબારી સમિતિની ૪થી બેઠક, તા. ૧૮-૦૮-૨૦૦૮ના રોજ સંસ્થાના પ્રમુખ શ્રી પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆના પ્રમુખપદે મળી હતી. જેમા નીચે મુજબનો નિર્ણય લેવામા આવ્યો હતો.

(૧) રૂા. ૭,૫૦,૦૦૦/- (રૂપિયા સાડા સાત લાખ) કે તેથી વધુ રકમ દાનમાં આપનાર દાતાનું નામ સંસ્થાની પ્રવૃતી જનતા ફી સહાય યોજના સાથે આજીવન જોડવામાં આવશે.

(૨) ઉપરોક્ત બાબતમાં વધુ ખુલાસા માટે સંસ્થાના હોદેદારોનો સંપર્ક સાધી શકાશે.

આપણા સમાજના સખાવતી દાતાઓને નમ્ર વિનંતી કરીએ છીએ કે અમારી ઉપર મુજબની યોજનામાં આગળ આવી સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને ફી રૂપે સહાય આપવામાં અમે મૂકેલી યોજનાને સફળ બનાવશો.

***- પ્રમુખ-પ્રદીપ કડકીઆ, મંત્રી : મંજુલ ધારીયા.***

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. **દીક્ષિત કીર્તનલાલ પરીખ**
સી-૫૨/૩૦૧, સૌરભ શાંતી કો.ઓપ. હા.સો., સેક્ટર નંબર-૯, શાંતિનગર, મીરારોડ (પૂર્વ), થાણા - ૪૦૧૧૦૭.
ફોન : ૯૮૬૯૦૦૩૩૫૯ /૯૮૩૩૦૩૧૯૧૪

૨. **દિનકર રમણલાલ શાહ (ચકવા)**
બી/૨, રાઘવજી બિલ્ડીંગ, રાઘવજી લેન, ગ્રાઉન્ડ ફ્લોર, ગોવાલિયા ટેંક, મુંબઈ.
ફોન : ૬૫૦૬૨૭૭૬ /૯૮૨૦૯૧૩૦૯૦

૩. **વિરેન્દ્ર મણીલાલ કડકીયા (લટકારી)**
કે.વી. એન્ટરપ્રાઈસ, ગાલા નંબર-૧, ઈલેક્ટ્રીક સ્મશાનની સામે, ૬૬/૭૪ ચંદનવાડી, મરીન લાઈન્સ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૭૬૧૭૩. મો. - ૯૮૨૧૨૫૩૩૨૫

## બાલાસિનોર ગ્રાહક મંડળી

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીમાં સુકામેવાના પેકેટો તથા કાજુકતરીના ઓર્ડરો લેવામાં આવશે. *- ચંદ્રકાંત પરીખ*

## દાન માટે મળેલા વચનની યાદી

**શ્રી કૃષ્ણકાંત કીરતનલાલ ધારીઆના પુત્ર આનંદના તા. ૨૬.૧.૨૦૦૮ના લગ્ન પ્રસંગે રૂા. ૧,૦૦,૦૦૦/-**

## તેજસ્વી તારલા

૧. **શાહ આશીષ કીરીટકુમાર** (એફણી) M.B.A (Finance) ની Final Year ની પરીક્ષામાં ૬૫% (1st Class) સાથે ઉત્તીર્ણ થયા છે. તેમને સંસ્થાવતી અભિનંદન.

૨. **કુમારી ધર્મિની ચેતન મહેતા** Master of Pharmacy in the branch of Drug Delivery Technology ની પરીક્ષામાં 1st Class with distinction સાથે ઉત્તીર્ણ થયા છે. તેઓને સંસ્થાવતી અભિનંદન.

## શુભ લગ્ન

આનંદ કૃષ્ણકાંત ધારીયા
વીનીતા વિનોદજી ભરતીયા

## નવા ફોન નંબર

**દોશી પ્રમોદ પૂનમચંદ (ડોબુ)**
„ : મો. : ૯૯૨૦૯૩૪૪૯૧
**દોશી દિનેશ પ્રમોદ (ડોબુ)**
„ : મો. : ૨૦૩૩૬૦૧૯
**પિયુષ રમણલાલ દેસાઈ (બારીયાવાળા)**
„ : (ઘર) ૨૮૬૨૯૬૫૪ (મો) ૯૮૯૨૯૯૦૫૪૯
**કડકીઆ ચંદ્રકાંત સોમાલાલ (ધંગેલા)**
„ : મો. : ૯૮૯૨૦૨૧૬૮૮
**પંકજ કે. શાહ**
„ : મો. : ૯૩૨૩૨૫૨૯૬૯

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| સુરેન્દ્ર કાન્તીલાલ મોદી (વિમાવાળા) | ૬૨ |
| તારાબેન ચીમનલાલ પરીખ (અમદાવાદ) | ૮૭ |

પ્રભુ ઉપરોક્ત આત્માને ચિર:શાંતિ અર્પે.

OCTOBER - 2008

Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 011
Licence to post without prepayment ; Licence No.-South-97/2006-08
JYOTI PUNJ Regd.No.MH/MR/South-189/2006-08
Registered Newspaper of India No. - B/7649

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુરસ્કૃત



## કોમ્પ્યુટર શિક્ષણ યોજના



આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન લાભ લઈ શકશે. આ યોજનામાં નીચે મુજબના કોર્સ શીખવાડવામાં આવશે.

| Name of the courses | Duration | Rs. |
|---|---|---|
| Basic course | 2 Months | 1200 |
| Tally 9 | 2 months | 2500 |
| DTP (Graphics course) | 3 months | 2750 |
| Kids Course (5 to 9 yrs) | 32 hours | 1000 |
| Kids Course above 9 yrs | 40 hours | 1500 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપુર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેકથી પાછી આપવામાં આવશે.

### ADDRESS OF TRAINING CENTER

### SOFTWARE ACADEMY

15/A Parekhwadi V.P.Road, Mumbai - 400004 - Tel :- 23814915

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) પાસેથી મળશે

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપૂર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે પહોચતા કરવાના રહેશે.

**SAMIR JAYENDRA GANDHI** : Tel :- 22060294/ 22038077 / 9821234306.

**NIKOSHI TRADING CO**, : Room No 12/5 1st Floor, Carmellos Building,
63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai-2

*સંયોજક - સમીર જયેન્દ્ર ગાધી , મંત્રી - મંજુલ શૈલેષ ધારીઆ*